# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૨ * અંક-૩ * નવેમ્બર, ૨૦૧૭



સર્વ જીવો સાધર્મી છે. સર્વ જીવો પૂર્ણાનંદને પ્રાપ્ત થાવ! કોઈ જીવો અપૂર્ણ ન રહો, કોઈ જીવો અલ્પજ્ઞ ન રહો, કોઈ જીવો વિરોધી ન રહો, કોઈ જીવો વિપરીત દૃષ્ટિવંત ન રહો. બધા જીવો સત્યના માર્ગે આવી જાવ ને સુખી થાવ! કોઈ જીવમાં વિષમતા ન રહો. બધા જીવો પૂર્ણાનંદરૂપ પ્રભુ થઈ જાવ. શ્રી સમયસાર ગાથા-૩૮ના શ્લોકમાં અમૃતચંદ્રાચાર્ય કહે છે કે સર્વ જીવો આત્મામાં મગ્ન થાવ! આહાહા! જુઓ જ્ઞાનીની ભાવના! પોતે પૂર્ણાનંદ સ્વરૂપ આત્મામાં મગ્ન થાય છે એટલે સર્વ જીવો પણ પૂર્ણાનંદ સ્વરૂપમાં મગ્ન થઈ સુખાનુભવ કરો એમ કહે છે.

—પૂજ્ય ગુરુદેવશ્રીના મંગલ આશીર્વચન

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● ભગવાન તીર્થંકરદેવ વડે ચિંતવન કરવામાં આવેલી અધ્રુવ આદિ બાર-ભાવના વૈરાગ્યની માતા છે, સમસ્ત જીવનું હિત કરવાવાળી છે, દુઃખી જીવોને શરણભૂત છે, આનંદ ઉત્પન્ન કરવાવાળી છે, પરમાર્થમાર્ગને બતાવવાવાળી છે. તત્ત્વનો નિશ્ચય કરાવનારી છે, સમ્યક્ત્વ ઉત્પન્ન કરનારી છે, અશુભ ધ્યાનને નાશ કરનારી છે, આત્મકલ્યાણના અર્થી જીવે હંમેશા ચિંતવન કરવાયોગ્ય છે. ૧૬૪૭.

(શ્રી શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના, ગાથા–૧૭૧૫)

● જેના રાગે જીવ અનાદિકાળથી સંસારી બની અનંત દુઃખને અનુભવી રહ્યો છે તથા જેના આત્યંતિક ક્ષયથી અનંત સંસારદુઃખોથી મુક્ત થવાય છે એવો કોઈ મુખ્ય પદાર્થ હોય તો માત્ર શરીર જ છે, તો હવે એ શરીરને એક વખત એવું છોડવું જોઈએ કે જેથી ફરીને ઉત્પન્ન જ થાય નહીં. બાકી બીજી નાની નાની ક્ષુદ્ર વાતો તરફ એકાંત ધ્યાન આપવાથી શું સિદ્ધિ છે ? ૧૬૪૮.

(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૨૦૮)

● હે આત્મન્ ! તૂ નિગોદકે વાસમેં એક અંતર્મુહૂર્તમેં છાસઠ હજાર તીનસૌ છત્તીસ બાર મરણકો પ્રાપ્ત હુઆ. ૧૬૪૯. (શ્રી કુંદકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા-૨૮)

● સ્વતંત્ર આચરણ રખનેવાલે ઔર કામકે વશ ન હોનેવાલે ધૈર્યવાન માનવ વૈરાગ્યભાવનારૂપી મંત્રોંસે ઉસ કામકે મહાબલકો દૂર કરકે મોક્ષકે આનંદકો પા ચુકે હૈ. ૧૬૫૦. (શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૧૦૬)

● જ્ઞાન મનુષ્યકા તીસરા નેત્ર હૈ જો સમસ્ત તત્ત્વોં ઔર પદાર્થોંકો દેખનેમેં સમર્થ હૈ. ઉસે કિસી અન્ય પ્રકાશકી અપેક્ષા નહીં હૈ ઔર વહ બિના કિસી પ્રકારકી રુકાવટકે તીનોં લોકમેં સર્વત્ર ગતિશીલ હૈ. ૧૬૫૧.

(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૧૯૪)

● નાના પ્રકારકી જો દૃષ્ટિયેં જ્ઞાનીકો હોતી હૈં વે સબ જ્ઞાનસ્વભાવકી સહાયતાસે હિતકારી વ પરમ પદમેં લે જાનેવાલી હોતી હૈં, જો મુનિભેષ શ્રી જિનેન્દ્ર તીર્થંકર ભગવાનકા હોતા હૈ ઉસી લિંગકો જ્ઞાની ધારણ કરતા હૈ. દ્રવ્ય નિર્ગ્રંથ લિંગકે સાથ-સાથ શુદ્ધ ભાવલિંગ હોતા હૈ. ઈસી ભાવલિંગસે કર્મોંકા ક્ષય હોતા હૈ. ૧૬૫૨. (શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક-૫૪)

વર્ષ–૧૨
અંક–૩




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વિ. સંવત
૨૦૭૩
November
A.D. 2017


# ચેતન! ઢૂંઢ લે ઠિકાના.

આયા કહાંસે, કહાં હૈ જાના ?
ઢૂંઢ લે ઠિકાના ચેતન ! ઢૂંઢ લે ઠિકાના.
સબ કુછ તો જાના, નિજકો ન જાના ?
કૈસા જ્ઞાનધારી તૂને, આપા ન પહચાના ॥ટેક॥

ઈક દિન તેરા ગોરા તન યે, માટી મેં મિલ જાયેગા,
કુટુમ્બ કબીલા ખડા રહેગા, કોઈ બચા ન પાયેગા,
નહીં ચલેગા, કોઈ બહાના ઢૂંઢ લે ઠિકાના..... ૧.

બાહર સુખકો ખોજ રહા હૈ, ક્યોં બનતા દીવાના રે,
આતમ હી સુખ ધામ હૈ ચેતન, નિજ કો ભૂલ ન જાના રે,
સારે સુખોંકા યે હૈ ખજાના, ઢૂંઢ લે ઠિકાના..... ૨.

જબ તક તનમેં સાંસ હૈ ચલતી, સબ તુઝકો અપનાયેંગે,
જબ ન રહેંગે પ્રાણ યે તનમેં, દેખ ઈસે ઘબડાયેંગે,
કહીં તો તુઝકો, પડેગા જાના, ઢૂંઢ લે ઠિકાના..... ૩.

ધન દૌલત ઔર રૂપ ખજાના, પડા યહીં રહ જાયેગા,
દૌલત કે દીવાનોં સુન લો, કુછ ભી સાથ ન જાયેગા,
આયા અકેલા, અકેલે હી જાના, ઢૂંઢ લે ઠિકાના..... ૪.

સદ્ગુરુ જગા રહે હૈં ચેતન, સુન ભવ સે તિર જાયેગા,
સમ્યક્ દર્શન જ્ઞાન સે ચેતન, દુઃખ સારા મિટ જાયેગા,
સચ્ચે સુખોંકા યહ હૈ ખજાના, ઢૂંઢ લે ઠિકાના..... ૫.



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




## અભેદ આત્મસ્વભાવની ગુણભેદ દ્વારા સમજૂતી

અભેદદષ્ટિમાં ભેદને ગૌણ કહેવાથી જ અભેદ સારી રીતે સમજી શકાય છે. એટલે કે દર્શન-જ્ઞાન-ચારિત્ર એવા ભેદને ગૌણ કરવાથી જ અનંતગુણનો પિંડ એવો અભેદ આત્મા સારી રીતે સમજી શકાય છે—અનુભવી શકાય છે. તેથી ભેદને ગૌણ કહીને વ્યવહાર કહ્યો છે, પરંતુ ભેદનો સર્વથા અભાવ કહીને તેને વ્યવહાર કહ્યો નથી. વળી સરાગી જીવને ભેદદષ્ટિમાં નિર્વિકલ્પતા થતી નથી, રાગ થાય છે, તેથી જ્યાં સુધી રાગાદિક મટે નહિ ત્યાં સુધી નિર્વિકલ્પ અનુભવ કરાવવા માટે ભેદને ગૌણ કહીને વ્યવહાર કહ્યો છે.

દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આત્માના ધર્મ કહેવામાં આવ્યા છે. તો એ તો ગુણભેદ થયા; એ રીતે ભેદરૂપ ભાવોથી આત્માને અશુદ્ધપણું આવે છે? તે પ્રશ્નનો ઉત્તર સમયસારની આ ગાથા દ્વારા સમજાવવામાં આવે છે.

ચારિત્ર, દર્શન, જ્ઞાન પણ વ્યવહાર-કથને જ્ઞાનીને,
ચારિત્ર નહિ, દર્શન નહીં, નહિ જ્ઞાન, જ્ઞાયક શુદ્ધ છે. ૭.

જ્ઞાનીને અર્થાત્ આત્માને દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણ ભાવ વ્યવહારથી કહેવામાં આવ્યા છે. જ્ઞાયકભાવમાં ત્રણ ભેદ નથી. ત્રણના ભેદનું લક્ષ કરવા જાય છે ત્યાં વિકલ્પ ઊઠે છે અને તે વ્યવહારનો વિષય છે. નિશ્ચયથી તો જ્ઞાનીને જ્ઞાન પણ નથી, દર્શન પણ નથી ને ચારિત્ર પણ નથી. જ્ઞાની (આત્મા) તો એક શુદ્ધ જ્ઞાયકભાવ જ છે.

આ જ્ઞાયક આત્માને વિભાવભાવરૂપ અશુદ્ધપણું તો દૂર રહો અર્થાત્ છે જ નહીં, પણ તેને દર્શન-જ્ઞાન-ચારિત્ર એવા ભેદ પણ નથી. અભેદ જ્ઞાયકભાવમાં ભેદની હૈયાતી જ નથી. સમ્યગ્દર્શનનો વિષય જે એકરૂપ અભેદ જ્ઞાયકભાવ તેમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર એવા ભેદો વિદ્યમાન નથી.

**યોગો વિવિધમાં વર્તતો એ રીત સમ્યગ્દષ્ટિ જે,**
**રાગાદિ ઉપયોગે ન કરતો રજથી નવ લેપાય તે. ૨૪૬.**　　**—શ્રી સમયસાર**

તેમ છતાં અનંત ગુણોવાળા એક ધર્મમાં જે નિષ્ણાત નથી એટલે કે અનંત ગુણોવાળા એક જ્ઞાયકભાવને જેણે ઓળખ્યો નથી તેવા નિકટવર્તી શિષ્યને સમજાવવા માટે નામથી ભેદ ઉપજાવીને વ્યવહારથી ઉપદેશ દેવામાં આવે છે કે જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા, ચારિત્ર તે આત્મા. સાંભળવા, સમજવા આવ્યો છે તેવો નિકટવર્તી શિષ્ય તથા જેની મુક્તિ નિકટમાં છે તેવો પાત્ર નિકટવર્તી શિષ્ય કે જે જ્ઞાયકભાવમાં નિષ્ણાત થયો નથી તેને સમજાવવા ગુરુ નામથી ભેદ ઉપજાવીને વ્યવહારમાત્રથી જ સમજાવે છે કે આત્માને દર્શન છે, જ્ઞાન છે, ચારિત્ર છે. પરંતુ વસ્તુમાં એવા ભેદ ખરેખર છે જ નહીં. ગુણ ને ગુણી સ્વભાવથી અભેદ હોવા છતાં નામથી ભેદ ઉપજાવીને કથન કરવામાં આવ્યું છે, ખરેખર તેવા ભેદો વસ્તુમાં છે જ નહીં. જેમ સુખડમાં સુગંધ, સુંવાળપ, વજન આદિ ગુણો એકરૂપ હોવા છતાં સુગંધ તે સુખડ એમ ભેદ ઉપજાવીને સમજાવવામાં આવે છે, તેમ ત્રિકાળી અભેદ જ્ઞાયકનો અનુભવ કરાવવા ગુણ-ભેદથી કથન કરવામાં આવે છે.

જ્ઞાયકભાવમાં અનંતગુણો છે. જ્ઞાયકભાવ ને અનંતગુણો વસ્તુપણે અભેદ છે. તેમાં જ્ઞાન તે આત્મા—એવો ભેદ પાડીને જોવા જતાં દૃષ્ટિમાં જ્ઞાયકભાવ આવતો નથી, કારણ કે જ્ઞાયકભાવમાં ભેદ નથી, ને ભેદ પાડીને જોવા જાય છે એટલે અભેદ એવો જ્ઞાયકભાવ દૃષ્ટિમાં આવતો નથી. ભેદ પાડીને જોવા જતાં વિકલ્પ ઊઠે છે, રાગ થાય છે.

દૃષ્ટિના વિષયમાં કોઈપણ પ્રકારના ભેદો નથી. દૃષ્ટિના વિષયમાં એકલો અભેદ જ્ઞાયકભાવ જ છે. સમ્યગ્દર્શનનો આશ્રય શુદ્ધ એક અભેદ જ્ઞાયકભાવ જ છે.

જેને અભેદ જ્ઞાયકભાવ સમજવો છે તેને સમજાવવા અર્થે નામથી ભેદ ઉપજાવીને જ્ઞાન તે આત્મા એમ અનુપચાર સદ્‌ભૂત વ્યવહારનયથી કહ્યું છે. પરંતુ પરમાર્થથી જોવામાં આવે તો અનંત પર્યાયોને એટલે કે સહવર્તી ગુણોને એક દ્રવ્ય પી ગયું હોવાથી અર્થાત્ જ્ઞાયકદ્રવ્ય ભેદ રહિત અનંત ગુણો સાથે અભેદ એક છે એવું કાંઈક—મળી ગયેલા આસ્વાદવાળું એકસ્વભાવી હોવાથી તેનો અનુભવ કરનાર એવા જ્ઞાનીને જ્ઞાન પણ નથી, દર્શન પણ નથી ને ચારિત્ર પણ નથી, તે તો એક શુદ્ધ જ્ઞાયક જ છે. એ રીતે છઠ્ઠી ગાથામાં શુદ્ધ નિશ્ચયનયના વિષયભૂત ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકભાવમાં ઉપચાર તથા અનુપચાર અસદ્‌ભૂત વ્યવહારનયનો તેમજ ઉપચાર સદ્‌ભુત વ્યવહારનયનો નિષેધ કર્યો છે, જ્યારે અહીં અનુપચાર સદ્‌ભૂત વ્યવહારનયનો નિષેધ કર્યો છે.

**જે માનતો—હું મારું ને પર જીવ મારે મુજને,**
**તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૪૭.　　–શ્રી સમયસાર**

અહીં કોઈને પ્રશ્ન થાય કે પર્યાય પણ દ્રવ્યના જ ભેદ છે, અવસ્તુ તો નથી. તો તેને વ્યવહાર કેમ કહેવાય? શરીરાદિની માફક પર્યાયો પરવસ્તુ તો નથી, દ્રવ્ય અને પર્યાયો સ્વવસ્તુ જ છે, તો પછી પર્યાયને–ભેદને વ્યવહાર કેમ કહેવાય?

તેનું સમાધાન કરાવતાં કહે છે કે ભાઈ! તારી એ વાત તો બરાબર છે કે ભેદો પરવસ્તુના નથી, સ્વવસ્તુના જ છે. પરંતુ અનાદિની જે પર્યાયદૃષ્ટિ છે તેને છોડાવવા ને દ્રવ્યદૃષ્ટિ કરાવવા અભેદની મુખ્યતાથી અહીં ઉપદેશ છે. અભેદદૃષ્ટિમાં ભેદને ગૌણ કહેવાથી જ અભેદ સારી રીતે માલૂમ પડી શકે છે, એટલે કે દર્શન, જ્ઞાન, ચારિત્ર એવા ભેદને ગૌણ કરવાથી જ અનંતગુણનો પિંડ એવો અભેદ આત્મા સારી રીતે અનુભવી-સમજી શકાય છે, તેથી ભેદને ગૌણ કરીને વ્યવહાર કહ્યો છે.

**સરાગીને ભેદદૃષ્ટિમાં નિર્વિકલ્પદશા થતી નથી, રાગ થાય છે**

રાગી જીવ ગુણ અને ગુણી એવો ભેદ લક્ષમાં લેવા જશે તો નિર્વિકલ્પતા નહીં થાય પણ રાગ જ થશે. એક વસ્તુમાં અનંત ગુણો છે પણ તે અભેદરૂપે છે. તેથી આત્મા–(ગુણી) ને દર્શન, જ્ઞાન, ચારિત્ર વગેરે ગુણ એવો ભેદ પાડવા જતાં અભેદ નિર્વિકલ્પદૃષ્ટિ થતી નથી પણ વિકલ્પ ઊઠે છે, રાગ થાય છે.

દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાથી સમ્યગ્દર્શન થાય તે વાત તો દૂર રહી પણ જ્ઞાન, દર્શન આદિ અનંત ગુણો સાથે અભેદ એવા આત્માના ગુણભેદ પાડીને દૃષ્ટિ કરવાથી પણ સમ્યગ્દર્શન થતું નથી, રાગ જ થાય છે. ભેદદૃષ્ટિ તો પર્યાય છે અને ભેદદૃષ્ટિમાં આત્મા ને તેના ગુણો એમ ભેદ લક્ષમાં લેવાથી રાગ થાય છે. અભેદદૃષ્ટિ પણ પર્યાય છે. પણ અભેદદૃષ્ટિનો વિષય ગુણ-ગુણીના ભેદ રહિત અભેદ આત્મા છે તેને લક્ષમાં લેવાથી સમ્યગ્દર્શન તથા નિર્વિકલ્પ સ્વાનુભવ થાય છે.

ભેદને જાણવાથી રાગ થાય છે એવો નિયમ સર્વને લાગુ પડતો નથી. કેવળી પરમાત્મા તો લોકાલોકને તથા સકલ ભેદને જાણે છે પણ અરાગી હોવાથી તેમને રાગ થતો નથી, પરંતુ જ્યાં સુધી પોતે સરાગી છે ત્યાં સુધી ભેદનું લક્ષ કરીને જાણવા જશે તો રાગ થશે જ એવો નિયમ છે. રાગી હોવાથી ભેદદૃષ્ટિથી વિકલ્પ ઊઠે છે, રાગ થાય છે, નિર્વિકલ્પ દશા થતી નથી. આત્માના અનંત ગુણો હોવા છતાં ગુણી ને ગુણ એમ ભેદ પાડીને લક્ષ કરવા જતા સરાગી હોવાથી વિકલ્પ ઊઠશે, રાગ થશે.તેથી સરાગી જ્યારે ગુણ-ગુણીના ભેદનું લક્ષ છોડીને એકલા અભેદ જ્ઞાયકભાવનું લક્ષ કરશે ત્યારે જ તેને નિર્વિકલ્પદશા પ્રગટશે. વીતરાગ થયા બાદ ભેદાભેદસ્વરૂપ વસ્તુનો જ્ઞાતા થઈ જાય છે. તેથી જ્યાં સુધી રાગાદિક મટે નહીં ત્યાં સુધી ભેદને ગૌણ કરીને એકલા અભેદ જ્ઞાયકભાવને દૃષ્ટિમાં લેવાથી નિર્વિકલ્પ અનુભવ થાય છે; તેથી અહીં ભેદને ગૌણ કરીને વ્યવહાર કહ્યો છે.

(ક્રમશઃ) ❊




## શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન

(તા. ૫-૫-૪૪, શુક્રવાર) વ્યાખ્યાન નં. ૧૬
(ગાથા ૧૪)



ક્ષાયિક સમકિત પણ કર્મના (અભાવરૂપ) નિમિત્તવાળી પર્યાય છે, પરમ અવગાઢ સમકિત તે પણ અપેક્ષિત પર્યાય છે; આત્મા અને તેના ત્રિકાળી ગુણોની વર્તમાન સ્વ-આકાર અવસ્થા તો એક સરખી અને પૂરેપૂરી જ હોય.

આ વિષય શું છે? આત્માનું પરિપૂર્ણ સ્વરૂપ કહેવાય છે. આત્મા વસ્તુ અને તેના અનંત ગુણો તે તો બધા જીવમાં ત્રિકાળ સરખાં જ છે. અખંડ અનાદિ-અનંત એકરૂપ વસ્તુ અને ગુણમાં સિદ્ધને અને નિગોદને કાંઈ આંતરો નથી, ફેર માત્ર વર્તમાન ચાલતી અપેક્ષિત પર્યાયમાં છે. કોઈ વાર મિથ્યાશ્રદ્ધા, કોઈ વાર સમ્યક્શ્રદ્ધા એ બધા અપેક્ષિત અવસ્થાના પ્રકાર છે. નિરપેક્ષ કારણપર્યાય તો ત્રિકાળ એકરૂપ છે. જેવાં દ્રવ્ય-ગુણ છે તેવો જ તેનો આકાર-અવસ્થા એકરૂપ ત્રિકાળ રહે તે જ કારણશુદ્ધપર્યાય છે. આ કેવળજ્ઞાનપર્યાયની વાત નથી. કેવળજ્ઞાન પણ વ્યવહાર છે, ભગવાનને પરિપૂર્ણ આનંદ પ્રગટ્યો તે પણ વ્યવહાર છે, કેમકે તે કાર્ય છે; અને અહીં તો જેના જોરે એ કાર્ય પ્રગટ્યું તે ત્રિકાળી એકરૂપ કારણની વાત છે. નિર્મળ અખંડ એકરૂપ વસ્તુ કહો કે અસલી એકરૂપ સ્વરૂપ કહો તેમાં ફેર નથી. નિશ્ચયસ્વરૂપ એટલે સાચું સ્વરૂપ, અસલી સ્વરૂપ. આત્મામાં રાગાદિ થાય કે કેવળજ્ઞાન અને મોક્ષપર્યાય પ્રગટે તે બધી ત્રિકાળ એકરૂપ અવસ્થા નથી, પણ સમયે સમયે તે અવસ્થામાં ઉત્પાદ-વ્યય થયા કરે છે. અહીં તો આખી વસ્તુ અને ગુણને આકારે જે પૂરી અવસ્થા નિત્ય ઉત્પાદ-વ્યય રહિત એકરૂપ છે તે જ કારણશુદ્ધપર્યાય છે—તેની વાત છે. જો આખી વસ્તુ જેવી જ એકરૂપ પર્યાય ન હોય તો વસ્તુ જ સિદ્ધ થતી નથી. અરે! અરૂપી નિર્મળ યથાખ્યાતચારિત્ર તે પણ વ્યવહાર છે. તે ત્રિકાળ એકરૂપ નથી. જે ત્રિકાળ એકરૂપ રહે તે જ સમ્યગ્દર્શનનો આધાર (લક્ષ્ય, ધ્યેય) છે અને એ જ વસ્તુનું ત્રિકાળી સ્વરૂપ છે.

જે વસ્તુ હોય તેમાં તે વસ્તુના આધારે વસ્તુનું વર્તમાનવર્તમાન હોય જ.

> **છે આયુક્ષયથી મરણ જીવનું એમ જિનદેવે કહ્યું,**
> **તું આયુ તો હરતો નથી, તેં મરણ ક્યમ તેનું કર્યું? ૨૪૮.** —**શ્રી સમયસાર**

(વર્તમાન કહો કે પર્યાય કહો, બન્ને એક છે) જે પર્યાય વસ્તુના આધારે હોય તેમાં ઊણપ ન હોય. દ્રવ્ય, દ્રવ્યના ગુણો અને દ્રવ્યને આધારે પર્યાય એ ત્રણ થઈને જે આખી વસ્તુ તે જ સમ્યગ્દર્શનનું ધ્યેય છે. અનંત-અનંત ગુણ-પર્યાયનો પિંડ જે વસ્તુ તે જ સમ્યગ્દર્શનનો વિષય છે.

કારણપર્યાય એટલે શું? ગુણની અવસ્થા ઊઘડે તે નહીં; જે અવસ્થા ઊઘડે તે તો ક્ષણિક છે; કેવળજ્ઞાન પણ ક્ષણિક પર્યાય છે. કેવળજ્ઞાનના પણ બે સમય ભેગા ન થાય, તે એક સમય પૂરતી જ અવસ્થા છે. કેવળજ્ઞાન તે ગુણ નથી પણ અવસ્થા છે. ત્રિકાળી જ્ઞાન તે ગુણ છે. તે જ્ઞાનગુણની એક ત્રિકાળી એકસરખી અવસ્થા છે તે જ શુદ્ધકારણપર્યાય છે. જેમ સાકરનું ગળપણ સાકરના આધારે પૂરું જ હોય, તેમ ગુણના આધારે ગુણની અવસ્થા પૂરી જ હોય. આત્મામાં રાગાદિ કે સમ્યગ્દર્શનાદિ અવસ્થા તે એક સમય પૂરતી જ છે, કેવળજ્ઞાન પણ એક સમય પૂરતું છે; સમય સમય કરતાં ભલે લાંબો વખત રહે પણ એક સાથે બે સમયની અવસ્થા થઈ જાય એમ ત્રણ કાળમાં બનતું નથી. કેવળજ્ઞાની ભગવાનનું કેવળજ્ઞાન પણ એક સમય પૂરતું જ છે. તે ચાલતી અવસ્થા વખતે આત્મા, આત્માના ગુણો અને તેની પૂરે-પૂરી અનાદિઅનંત એકરૂપ અવસ્થા પડી છે તે અવસ્થાને કારણપર્યાય કહેવાય છે; અને એ દ્રવ્ય-ગુણ તથા કારણપર્યાયથી વસ્તુની પૂર્ણતા છે—તેને જ પારિણામિકભાવ કહેવાય છે. કેવળજ્ઞાન પોતે પર્યાય છે, તે બદલી—બદલીને સાદિઅનંત એકરૂપ રહે છે; અને આત્મા, આત્માના ગુણો અને તેની પૂરી અવસ્થા અનાદિ અનંત એકરૂપ છે, તેના લક્ષે જ સમ્યગ્દર્શન પ્રગટે છે; કેવળજ્ઞાનના લક્ષે પણ સમ્યગ્દર્શન પ્રગટતું નથી, કેમ કે કેવળજ્ઞાન અને સિદ્ધદશા પ્રગટે છે એમ કહેવું એ તો વસ્તુમાં ભેદ પડે છે. પહેલાં નહોતું અને પછી પ્રગટ્યું એવા ભેદ વસ્તુમાં નથી. વસ્તુ ત્રણેકાળ એકસરખી છે; સિદ્ધપર્યાય આખી વસ્તુ નથી, એ તો એક અવસ્થા છે.

જ્યારે સિદ્ધદશા અને કેવળજ્ઞાન પણ વ્યવહાર છે અને તેના લક્ષે સમ્યગ્દર્શન નથી; ત્યારે પુણ્યની ક્રિયા તો ક્યાંય રહી! અને શરીરાદિ જડનું કરવાનું તો ક્યાંય ગયું! આ તો સર્વજ્ઞ ભગવાને આત્માનો જેવો સ્વભાવ જોયો તેવો જ કહ્યો છે, અને તેવો જ માનવો તે સમ્યગ્દર્શન છે. રાગાદિને પોતાના માને તે તો જૈન જ નથી. જૈન કહેવા કોને? જૈન એટલે જિતનાર. ઊણી અને વિકારી અવસ્થાને અખંડ દ્રવ્યના આશ્રયે જિતે તે જૈન. અખંડ દ્રવ્યની શ્રદ્ધા વગર સાચું જૈનપણું હોય નહિ.

**છે આયુક્ષયથી મરણ જીવનું એમ જિનદેવે કહ્યું,**
**તે આયુ તુજ હરતા નથી, તો મરણ ક્યમ તારું કર્યું? ૨૪૯.** —શ્રી સમયસાર

આત્મામાં અનંતા ગુણો છે અને તે દરેક ગુણની પૂરી અવસ્થા ત્રિકાળ છે. કેવળજ્ઞાન પ્રગટે તે વ્યવહાર અને નિગોદના આત્મામાં પણ પૂરેપૂરી અવસ્થા ત્રિકાળ પડી છે તે નિશ્ચય, કેમ કે તે ત્રણેકાળ રહેનાર છે અને કેવળજ્ઞાન તો નહોતું અને પ્રગટ્યું એવા ભેદ પડે છે. અહો! સંતોએ કેવળીના અંતરમાં રહેલાં રહસ્ય ખુલ્લાં મૂક્યાં છે, આચાર્યદેવે અધ્યાત્મનું ઊંડું પેટ ખોલ્યું છે. આચાર્યભગવંતોએ શાસન જીવંત રાખ્યું છે.

આત્મામાં સમ્યક્દર્શન, સમ્યગ્જ્ઞાન કે સમ્યક્ચારિત્ર તે ત્રિકાળી અસલી સ્વરૂપ નથી, કેવળજ્ઞાન પણ ત્રિકાળી અસલ સ્વરૂપ નથી, માટે તે અભૂતાર્થ છે. ભૂતાર્થ (ત્રિકાળ રહેનાર) તો વસ્તુ, વસ્તુના ગુણ અને ગુણના આધારે પૂરી અવસ્થા એ ત્રણે એકરૂપ છે, તેના જ આધારે કેવળજ્ઞાન પ્રગટે છે. બહારની પર્યાય નહિ. શરીર તે જડ, રાગ-દ્વેષ તે વિકારી, સમ્યગ્દર્શન તે અપેક્ષિત પર્યાય અને કેવળજ્ઞાન તે નવી અવસ્થા–એ કોઈ નહિ, પણ આત્માના ત્રિકાળી ગુણના આધારે વર્તતી અવસ્થા જે ત્રિકાળ એકરૂપ છે–તે પર્યાયની વાત છે.

કારણપર્યાયનું વર્ણન કરવાનો હેતુ એ છે કે–જેમ વસ્તુ અને ગુણ પૂરા છે તેમ તેની પર્યાય પણ પૂરી જ છે–એ બતાવવું છે. જેમ આકાશદ્રવ્ય, ધર્માસ્તિદ્રવ્ય, અધર્માસ્તિદ્રવ્ય અને કાળદ્રવ્ય–તે બધા અનાદિઅનંત વસ્તુ છે, તેમાં ઉત્પાદ-વ્યય ત્રિકાળ એકરૂપ છે—પરની અપેક્ષા તેને નથી, તેમ આત્મા પણ અનાદિઅનંત વસ્તુ છે, તેમાં પણ ગુણની પૂરી અવસ્થા એ જ જો તેના આકાર ન હોય તો આત્મતત્ત્વ અધૂરું રહે છે. કેમકે જેમ સામાન્ય ત્રિકાળ એક સરખું તેમ તે સામાન્યના આશ્રયે તેનું વિશેષ પણ પરિપૂર્ણ હોવું જ જોઈએ; ત્યારે જ વસ્તુની પૂર્ણતા છે. કેવળજ્ઞાનપર્યાય તો ભેદદૃષ્ટિનો વિષય છે; તેનો આશ્રય દૃષ્ટિને નથી. આશ્રય તો ત્રિકાળી વસ્તુનો જ હોય.

પ્રશ્ન :—ભગવાનને કેવળજ્ઞાન છે તેનો તેમને આશ્રય છે ને?

ઉત્તર :—ભગવાનને કેવળજ્ઞાન છે, પરંતુ ભગવાનને કેવળજ્ઞાનનો આશ્રય નથી; પણ કેવળજ્ઞાનને ભગવાનનો આશ્રય છે. કેવળજ્ઞાન તો એક સમય પૂરતી અવસ્થા છે. ભગવાન આત્મા તો ત્રિકાળી છે, ત્રિકાળી દ્રવ્ય એક સમય પૂરતી પર્યાયના આશ્રયે નથી, પણ એક સમય પૂરતી પર્યાય ત્રિકાળી દ્રવ્યના આશ્રયે છે. જો ભગવાનને કેવળજ્ઞાનપર્યાયનો આશ્રય હોય તો, કેવળજ્ઞાન તો બીજે સમયે બદલી જાય છે તેથી, આશ્રયનો અભાવ થતાં ભગવાનનો નાશ થઈ જાય, તેથી ભગવાનને કેવળજ્ઞાનનો આશ્રય નથી. (ક્રમશઃ) ❈

**જે માનતો—હું જિવાડું ને પર જીવ જિવાડે મુજને,**
**તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૫૦. –શ્રી સમયસાર**



# વૈરાગ્ય-ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

**तस्स य सहलो जम्मो तस्स वि पावस्स णिज्जरा होदि ।**
**तस्स वि पुण्णं वढ्ढदि तस्स य सोक्खं परं होदि ।।११३।।**

**અર્થ :—**જે સાધુ એ પ્રમાણે પૂર્વોક્ત પ્રકારે નિર્જરાનાં કારણોમાં પ્રવર્તે છે તેનો જ જન્મ સફળ છે, તેને જ પાપકર્મોની નિર્જરા થાય છે અને પુણ્યકર્મોનો અનુભાગ વધે છે, વળી તેને જ ઉત્કૃષ્ટ સુખ પ્રાપ્ત થાય છે. ૧૧૩.

આત્માની શુદ્ધતાની વૃદ્ધિ થતાં કર્મનું ખરી જવું તે નિર્જરા છે. બાહ્યક્રિયાથી કે વિકલ્પથી નિર્જરા થતી નથી. હું જ્ઞાનાનંદ વીતરાગ સ્વભાવ છું, એવા ભાનપૂર્વક જેટલા અંશે તેના અવલંબને શુદ્ધતાની વૃદ્ધિ થાય તે નિર્જરાનું કારણ છે. આવી નિર્જરાને જાણીને જે જીવ તેના કારણોમાં પ્રવર્તે છે તેનો જન્મ સફળ છે. પુણ્ય કરે તેનો જન્મ સફળ છે—એમ ન કહ્યું. આત્માના ભાન વિના એકલાં વ્રત-તપ કરે તોપણ તેનો જન્મ અફળ છે. ચિદાનંદ સ્વભાવની દૃષ્ટિ કરીને તેની શાંતિમાં જે લીન છે તે મુનિઓનો અવતાર સફળ છે. ફરીને અવતાર ન થાય—એવું સફળપણું તેમને છે. નિર્જરામાં આત્માની શુદ્ધતા વધતાં અશુભ કર્મો તો ખરે છે ને સાથે પુણ્યનો રસ પણ વધે છે. પુણ્યની સ્થિતિ ન વધે, પણ અનુભાગ વધી જાય. અજ્ઞાની કરતાં જ્ઞાનીને પુણ્ય ઊંચી જાતનાં હોય છે. અજ્ઞાની માને કે અમે વ્રતાદિથી પુણ્ય કરીએ, તેને પુણ્યની સ્થિતિ લાંબી બંધાય, પણ રસ ઓછો હોય. જ્ઞાની કરતાં અજ્ઞાનીને પુણ્યની સ્થિતિ લાંબી બંધાય છે. અજ્ઞાનીને શાતાવેદનીયની પંદર ક્રોડાક્રોડી સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાય છે, પણ જગતમાં એટલી પુણ્યસ્થિતિ ભોગવવાનું કોઈ સ્થાન નથી, ને જ્ઞાનીને પોતાના સ્વભાવના આનંદનો અનુભવ કરતાં સાથે પુણ્યનો અનુભાગ પણ વધી જાય છે, સ્થિતિ નથી વધતી. શુદ્ધસ્વભાવની શુદ્ધતા જેમ જેમ વધતી જાય છે તેમ તેમ સાધકને નામકર્મ, યશઃકીર્તિ વગેરે પુણ્ય પ્રકૃતિઓનો રસ વધતો જાય છે. જ્ઞાનીને જ ઊંચા પુણ્ય હોય છે—એમ અહીં બતાવ્યું છે. પણ કાંઈ તે પુણ્યનું માહાત્મ્ય નથી, પણ ઊંચા પુણ્ય ક્યાં હોય ? કે જ્યાં આત્માનું ભાન હોય ત્યાં જ ઊંચા પુણ્ય હોય છે. શુદ્ધતાની સાથે તેનો પુણ્યનો અનુભાગ વધી જાય છે. શુદ્ધોપયોગ

**છે આયુ-ઉદયે જીવન જીવનું એમ સર્વજ્ઞે કહ્યું,**
**તું આયુ તો દેતો નથી, તેં જીવન ક્યમ તેનું કર્યું ? ૨૫૧. —શ્રી સમયસાર**

થતાં પાપકર્મ તો ખરી જાય, પુણ્યની સ્થિતિ ઘટે પણ રસ વધી જાય. તીર્થંકર નામકર્મ વગેરે પ્રકૃતિ જ્ઞાનીને જ બંધાય. આમ કહીને અહીં પુણ્યનું વજન નથી આપવું, પણ આત્માની શુદ્ધતા ઉપર જોર આપવું છે. જ્ઞાનીને શુદ્ધતાની ભૂમિકામાં એવાં પુણ્ય બંધાઈ જાય છે કે જેને દેખીને સાધારણ જીવો આશ્ચર્યમાં પડી જાય! પણ જ્ઞાનીની દૃષ્ટિ પુણ્ય ઉપર કે પુણ્યના ફળ ઉપર નથી, હું તો જ્ઞાનાનંદસ્વભાવ છું, એવી દૃષ્ટિ છે.

જે નિર્જરાના કારણોમાં પ્રવર્તે છે તેને પાપનો નાશ થઈ પુણ્યની વૃદ્ધિ થાય છે. તે સ્વર્ગાદિકના સુખ ભોગવી (અનુક્રમે) મોક્ષને પ્રાપ્ત થાય છે.

જેવા પુણ્ય જ્ઞાનીને પ્રાપ્ત થાય છે તેવા પુણ્ય અજ્ઞાનીને હોતા નથી—એમ બતાવ્યું છે, પણ જ્ઞાની કાંઈ પુણ્યના ફળમાં સુખ નથી માનતા.

**जो समसोक्खणिलीणो वारंवारं सरेइ अप्पाणं ।**
**इंदियकसायविजई तस्स हवे णिज्जरा परमा ।।११४।।**

**અર્થ**ઃ—જે મુનિ, વીતરાગભાવરૂપ સુખ કે જેનું નામ પરમચારિત્ર છે તેમાં લીન અર્થાત્ તન્મય થાય છે, વારંવાર આત્માનું સ્મરણ-ચિંતવન કરે છે તથા ઇન્દ્રિયોને જીતવાવાળા છે તેમને ઉત્કૃષ્ટ નિર્જરા થાય છે. ૧૧૪.

આત્માનું ભાન કરીને તેના અનુભવમાં જે લીન થાય છે તેવા વીતરાગી મુનિઓ પરમ સુખી છે. જુઓ સુકોશલ મુનિને સિંહ ફાડી ખાય છે છતાં તે વખતે તેનું દુઃખ તેમને નથી. અંદર ચિદાનંદસ્વભાવના આશ્રયે વીતરાગી અનાકુળ શાંતભાવનો પ્રવાહ વહે છે, તેના અનુભવમાં તેમને પરમ સુખ છે. અહો! પરમસ્વભાવ કારણપરમાત્મા હું છું, એવી દૃષ્ટિ કરીને વારંવાર તેનું સ્મરણ કરીને તેમાં લીન થાય છે ને ઇન્દ્રિયોને જીતે છે—એવા મુનિવરોને ઉત્કૃષ્ટ નિર્જરા થાય છે. આ સિવાય જેની દૃષ્ટિ પર ઉપર છે, આહારાદિને હું છોડું છું એમ માને છે, તેવા અજ્ઞાનીને તો મિથ્યાત્વ વગેરેનો તીવ્ર બંધ થાય છે, તેને નિર્જરા થતી નથી. સમ્યગ્દૃષ્ટિને નિર્જરા થાય છે, પણ મુનિઓને ઉત્કૃષ્ટ નિર્જરા થાય છે.

ઇન્દ્રિય વિષય-કષાયોનો નિગ્રહ કરી પરમ વીતરાગભાવરૂપ આત્મધ્યાનમાં જે લીન થાય છે, તે ઉત્કૃષ્ટ નિર્જરા થાય છે.

પૂર્વે બાંધ્યા કર્મ જે, ખરે તપોબલ પાય;
સો નિર્જરા કહાય હૈ, ધારે તે શિવ જાય.

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૭ ઉપર)

**છે આયુ-ઉદયે જીવન જીવનું એમ સર્વજ્ઞે કહ્યું,**
**તે આયુ તુજ દેતા નથી, તો જીવન ક્યમ તારું કર્યું? ૨૫૨. –શ્રી સમયસાર**



## અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

હવે વિશેષ કહે છે. આત્માની પરિણતિમાં આત્મા પોતે છે. હિંસાદિ તથા દયા-દાનાદિ વિકારભાવ થાય છે, તે ખરેખર આત્માની પરિણતિ નથી, તે અનાત્મા છે. નિર્દોષ જ્ઞાનસ્વભાવમાં હું તન્મય છું એવી આસ્થા કર્યે આત્મા પ્રગટે. દેહની ક્રિયાથી કે પુણ્ય-પાપની ક્રિયાથી આત્મા પ્રગટે નહિ. શિષ્ય સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માને છે ને વાણી સાંભળે છે, તે વખતે શુભરાગ છે પણ તેથી આત્મા પ્રગટતો નથી. આત્માની પરિણતિમાં ગુણ-ગુણી એક થયા. ગુણની પરિણતિ જે રાગ-દ્વેષમાં એક થતી તેમાં ગુણ-ગુણીનો ભેદ થતો, તે હવે આત્મામાં એક થઈ-તેમાં 'હું પણું' માન્યું. એ સ્વપદનું સાધન છે. સાધકને રાગ-દ્વેષ થઈ આવે છે, પણ તે સાધન નથી.

આ જ્ઞાનાનંદ પરિણામને મેં જાણ્યા છે, જડ દેહ-ઇન્દ્રિયોએ જાણ્યા નથી. આત્મા શુદ્ધ ચિદાનંદ છે. જ્ઞાન એ જ હું છું એવા પરિણામથી સ્વપદની આસ્થા થાય. વ્યવહારના પરિણામ વડે સ્વપદની આસ્થા થતી નથી. વ્યવહારરત્નત્રયના વિકલ્પ વડે સ્વપદની આસ્થા થતી નથી. હું જ્ઞાનસ્વભાવી આત્મા છું—એવા પરિણામ વિના સ્વપદમાં સ્થિર થવાય નહિ. મારું નિજપદ અનાકુળ આનંદમય છે, તેમાં પરિણામ વિના સ્થિર થવા યોગ્ય સ્થાન હોય નહિ.

જે જીવ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માનતો નથી તેની તો વાત નથી પણ સર્વજ્ઞ ભગવાને કહેલા સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેનો રાગ પણ સ્વપદનું સાધન નથી. પુણ્ય-પાપના સાધનથી સ્થિરતા થતી નથી, આત્માના અનુભવમાં કાયચેષ્ટા સાધન નથી, વચનઉચ્ચારણ સ્વરૂપમાં સાધન નથી, મનચિંતવન સાધન નથી.

સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર આમ કહે છે તેવું ચિંતવન કરતી વખતે રાગ હોય છે, પણ તે રાગવાળું ચિંતવન સ્વરૂપનું સાધન નથી. ચૈતન્યસ્વભાવમાંથી જે છૂટી જાય તે આત્માની ચીજ નથી, જે કાયમ રહે તે આત્માનું છે, મનચિંતવન વિકાર છે, તે આત્માની શુદ્ધ પરિણતિમાં સાધન નથી.

**જે માનતો—મુજથી દુખીસુખી હું કરું પર જીવને,**
**તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૫૩.** –શ્રી સમયસાર

આત્માના જાણવા-દેખવાના પદમાં પોતાની લીનતા, પોતાનો વિશ્રામ-સ્થિરતા કરે તેને જ્ઞાન ને આનંદ પ્રગટે છે અથવા આત્માનો અનુભવ થાય છે. જ્ઞાનની વર્તમાન અવસ્થાનો વિવેક કરવો. પર તરફનો વિચાર કરવાથી આકુળતા થાય છે, પણ ચિત્પરિણતિ અંતરમાં એકાગ્ર થાય ને સ્વમાં રમે તેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે ને આત્માનંદ ઊપજે છે.

વળી મનદ્વારા વિવેક થઈ પછી મન પણ બાજુએ રહે. રાજદ્વાર દ્વારા રાજા મહેલમાં જાય છે પણ રાજદ્વાર તે રાજા નથી; તેમ મન દ્વારા વિવેક હોય છે પણ મન આત્મા નથી. તથા આત્મા મન નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર કહે છે કે સ્વભાવમાં રાગનો અભાવ છે ને રાગમાં સ્વભાવનો અભાવ છે. આમ મનદ્વારા વિચાર કરે પણ અંતરમાં ઠરવા વખતે મન સાથે ન આવે. દ્રવ્યમનના નિમિત્તે વિકલ્પ આવે છે તે પર છે ને જ્ઞાન જ આત્મા છે.

કોઈ જીવે વ્યવહાર પકડીને તેનાથી નિશ્ચય માન્યો ને કોઈ જીવે માન્યું કે વ્યવહાર ગમે તેવો હો પણ આપણે નિશ્ચય પકડો; આવી માન્યતાવાળા બંને ખોટા છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ આવે છે, પણ તેથી ધર્મ થતો નથી. બારણું ગમે તેટલું સારું હોય તોપણ બારણું મકાનમાં આવતું નથી; તેમ રાગ ઘણો શુભ હોય તોપણ અંતરમાં પ્રવેશ પામે તેમ નથી. મન તથા તે તરફના રાગનો અંતરમાં પ્રવેશ નથી.

મનના સંકલ્પ-વિકલ્પથી આત્માનું પદ પમાતું નથી, પરમાનંદપદ ગુપ્ત છે, ધ્રુવપદ રાગથી પર છે. પરમાત્મપદ ગુપ્ત છે, તેથી મન (જ્ઞાનપર્યાય) વ્યક્ત ભાવના કરી શકે, મન-રાગરહિત જ્ઞાન પરિણામ તેને વ્યક્ત કરી શકે. હું જ્ઞાનાનંદ છું એવો વિચાર કરવો. પુણ્ય-પાપની ભાવના, નિમિત્ત મેળવવાની ભાવના, રાગની ભાવના કરવી એમ કહ્યું નથી, પણ પરમાત્માની ભાવનાથી જે શક્તિસ્વભાવ છે તે વ્યક્ત થાય છે ને જ્ઞાનપર્યાય સ્વભાવ સાથે અભેદ થાય છે ત્યારે પરમાત્માના તેજથી મન તરફનો વિકલ્પ રહે નહિ.

શૌર્યવાનના તેજથી કાયર સંગ્રામ વિના મરે છે. પદ્મોત્તર રાજા શ્રીકૃષ્ણ સાથે લડવા આવ્યો. જ્યાં શ્રીકૃષ્ણે શંખ ફૂક્યો ને ધનુષ્યનો ટંકાર કર્યો ત્યાં પદ્મોત્તરનું લશ્કર લડાઈ કર્યા વિના ભાગી ગયું. સૂર્યના તેજથી અંધકાર પહેલો જ નાશ થાય છે તેમ શુદ્ધ

જ્યાં કર્મ-ઉદયે જીવ સર્વે દુખિત તેમ સુખી થતા,
તું કર્મ તો દેતો નથી, તેં કેમ દુખિત-સુખી કર્યા? ૨૫૪. –શ્રી સમયસાર

ચિદાનંદ સ્વરૂપ છે એવો અનુભવ થતાં મનના સંકલ્પ-વિકલ્પ પહેલાં મરી જાય છે. આ રીતે ધર્મ થાય છે, બીજી રીતે થતો નથી.

આ નિશ્ચયધર્મ સમજે તેના શુભરાગને વ્યવહાર કહેવાય છે. નહિતર વ્યવહાર કહેવાતો નથી. આત્માના ભાન વિના શુભરાગથી સ્વર્ગ મળે તો તે શું કામનું ? જેમ કોઈનો વહાલો પુત્ર ખોવાઈ જાય તેને બદલે પૈસા આપે તો શું કામનું ? તેને તો છોકરો મળવા સાથે કામ છે. તેમ આત્માના ભાન વિના રાગાદિ પરિણામ શું કામના ? એક છોકરી રસ્તામાં ભૂલી પડી ગઈ હતી, તેને રસ્તાની ખબર ન હતી, માત્ર 'મારી મા જોઈએ' એટલું કહે. પેંડા આપે કે બીજું આપે તોપણ 'મારી મા' 'મારી મા' સિવાય બીજું કાંઈ બોલે નહિ.

તેમ જ્ઞાનાનંદ સ્વભાવના જ્ઞાનને ભૂલીને કોઈ પુણ્યના ફળ આપે, સ્વર્ગ આપે તોપણ ધર્મી તેની ઇચ્છા કરે નહિ, માત્ર અભેદ સ્વભાવની અપેક્ષા રાખે છે. જેમ છોકરી પોતાની માની શ્રદ્ધા રાખે છે, તેમ ધર્મી જીવ એકલા અભેદ સ્વભાવની શ્રદ્ધા રાખે, બાકી ગમે તેટલી પુણ્યની સામગ્રી મળે તોપણ ધર્મી લલચાતો નથી.

જેમ સૂર્ય ઉગતાં અંધકાર નાશ પામે છે, તેમ ચૈતન્યસૂર્યનો પ્રકાશ થતાં વિકાર મરી જાય છે ને શુદ્ધ વીતરાગી દશા થતાં આત્મા પણ પર્યાયમાં શુદ્ધ થાય છે. પુણ્ય-પાપના પરિણામ અનાત્મા છે. અનાત્મભાવ—પરિણામ મટાડી આત્મપરિણામ કરવા તેમાં કૃતકૃત્યતા છે. શુદ્ધ પરિણામ જ કરવા યોગ્ય છે. બાકી બધું અકૃત્ય છે. નિમિત્તો ને વ્યવહાર હોય ખરા, પણ તે સંસારભાવ છે. યોગી—ભાવલિંગી મુનિઓ જાણે છે કે શરીરની નગ્નદશા જડની અવસ્થા છે, ૨૮ મૂળગુણ પાલનનો વિકલ્પ રાગ છે તે મુનિપણું નથી. આત્મામાં લીન થવું તે યોગીપણું છે. કુંદકુંદાચાર્ય, નેમિચંદ્ર આચાર્ય, પૂજ્યપાદસ્વામી આદિ આચાર્યો મહા યોગીશ્વર હતા. આત્મામાં જોડાણ કરવું તે યોગ છે, તેમાં પ્રધાન તે યોગીશ્વર છે, મુનિને નગ્નદશા જરૂર હોય છે. કોઈ વસ્ત્ર-પાત્ર રાખીને મુનિપણું માને તે મિથ્યાદૃષ્ટિ છે ને નગ્ન અવસ્થા થઈ માટે મુનિપણું છે—એમ નથી. ચિદાનંદ ભગવાનની શ્રદ્ધા-જ્ઞાન ને લીનતા કરી આત્મામાં જોડાણ કરે તે યોગી અથવા મુનિ છે. મુનિઓ શરીરની નગ્ન અવસ્થાના કે ૨૮ મૂળગુણ પાલનની ક્રિયાના કર્તા તથા પ્રેરક નથી.

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૭ ઉપર)

**જ્યાં કર્મ-ઉદયે જીવ સર્વે દુખિત તેમ સુખી બને,**
**તે કર્મ તુજ દેતા નથી, તો દુખિત કેમ કર્યો તને ? ૨૫૫.** **–શ્રી સમયસાર**

# જિજ્ઞાસુએ ધર્મ કેવી રીતે કરવો?

## ધર્મ ક્યાં છે અને કેમ થાય?

ઘણા જિજ્ઞાસુઓને પ્રશ્ન ઊઠે છે કે ધર્મ માટે પ્રથમ શું કરવું? શું ડુંગરા ઉપર ચડવું કે સેવા-પૂજા કર્યા કરવી કે ગુરુની ભક્તિ કરીને તેમની કૃપા મેળવવી કે દાન કરવું? તો તેના જવાબમાં જ્ઞાની કહે છે કે એમાં ક્યાંય આત્માનો ધર્મ નથી. ધર્મ તો પોતાનો સ્વભાવ છે. ધર્મ પરાધીન નથી. કોઈના અવલંબને ધર્મ થતો નથી, ધર્મ કોઈનો આપ્યો અપાતો નથી, પણ પોતાની ઓળખાણથી જ ધર્મ થાય છે. જેને પોતાનો પૂર્ણાનન્દ જોઈએ છે તેણે પૂર્ણ આનંદનું સ્વરૂપ શું છે, અને તે કોને પ્રગટ્યો છે તે નક્કી કરવું જોઈએ. જે આનંદ હું ઇચ્છું છું તે પૂર્ણ અબાધિત ઇચ્છું છું, એટલે કોઈ આત્માઓ તેવી પૂર્ણાનંદ દશા પામ્યા છે અને તેઓને પૂર્ણાનંદ દશામાં જ્ઞાન પણ પૂર્ણ જ છે; કેમકે જો જ્ઞાન પૂર્ણ ન હોય તો રાગ-દ્વેષ રહે અને રાગ-દ્વેષ રહે તો દુઃખ રહે, જ્યાં દુઃખ હોય ત્યાં પૂર્ણાનંદ ન હોઈ શકે. માટે જેમને પૂર્ણાનંદ પ્રગટ્યો છે એવા સર્વજ્ઞ ભગવાન છે. તેમનો અને તેઓ શું કહે છે તેનો જિજ્ઞાસુએ નિર્ણય કરવો જોઈએ. તેથી જ કહ્યું છે કે પ્રથમ શ્રુતજ્ઞાનના અવલંબન વડે જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવો. આમાં ઉપાદાન-નિમિત્તની સંધિ રહેલી છે. જ્ઞાની કોણ છે, સત્ વાત કોણ કહે છે—એ બધું નક્કી કરવા માટે નિવૃત્તિ લેવી જોઈએ. જીવને જો સ્ત્રી-કુટુંબ-લક્ષ્મીનો પ્રેમ અને સંસારની રુચિમાં ઓછપ નહિ થાય તો તે સત્સમાગમ માટે નિવૃત્તિ લઈ શકશે નહિ. શ્રુતનું અવલંબન લેવાનું કહ્યું ત્યાં જ તીવ્ર અશુભ ભાવનો તો ત્યાગ આવી ગયો. અને સાચા નિમિત્તોની ઓળખાણ કરવાનું પણ આવી ગયું.

## સુખનો ઉપાય—જ્ઞાન અને સત્સમાગમ

હે જીવ! તારે સુખ જોઈએ છે ને? જો તારે સુખ જોઈતું હોય તો તું પહેલાં સુખ ક્યાં છે અને કેમ પ્રગટે તેનો નિર્ણય કર, જ્ઞાન કર. સુખ ક્યાં છે અને તે કેમ પ્રગટે છે તેના જ્ઞાન વગર સુકાઈ જાય તોપણ સુખ ન મળે, ધર્મ ન થાય. સર્વજ્ઞ ભગવાનના કહેલાં શ્રુતજ્ઞાનના અવલંબન વડે એ નિર્ણય થાય છે, અને તે નિર્ણય કરવો એ જ પ્રથમ ધર્મ છે. જેને ધર્મ કરવો હોય તે ધર્મીને ઓળખી, તેઓ શું કહે છે તેનો નિર્ણય કરવા

જ્યાં કર્મ-ઉદયે જીવ સર્વે દુખિત તેમ સુખી બને,
તે કર્મ તુજ દેતા નથી, તો સુખિત કેમ કર્યો તને? ૨૫૬. –શ્રી સમયસાર

માટે સત્સમાગમ કરે. સત્સમાગમે જેને શ્રુતજ્ઞાનનું અવલંબન થયું કે અહો! પરિપૂર્ણ આત્મવસ્તુ, ખૂબ જ ઉત્કૃષ્ટ મહિમાવંત છે. મારા આવા પરમ સ્વરૂપને મેં અનંતકાળમાં સાંભળ્યું પણ નથી,—આમ થતાં તેને સ્વરૂપની રુચિ જાગે અને સત્સમાગમનો રંગ લાગે, એટલે તેને કુદેવાદિ કે સંસાર પ્રત્યેની રુચિ તો હોય જ નહિ.

જો વસ્તુનો મહિમા ઓળખે તો તેને પ્રેમ જાગે અને તે તરફ પુરુષાર્થ વળે. આત્મા અનાદિથી સ્વભાવને ચૂકીને પરભાવરૂપી પરદેશમાં રખડે છે, સ્વરૂપની બહાર સંસારમાં રખડતાં–રખડતાં પરમ પિતા સર્વજ્ઞ પરમાત્મા અને પરમ હિતકારી શ્રી પરમગુરુ ભેટ્યાં, તેઓ પૂર્ણ હિત કેમ થાય તે સંભળાવે છે અને આત્માના સ્વરૂપની ઓળખાણ કરાવે છે. પોતાનું સ્વરૂપ સાંભળતાં ક્યા જિજ્ઞાસુને ઉલ્લાસ ન આવે? આવે જ. આત્મસ્વભાવની વાત સાંભળતાં જિજ્ઞાસુ જીવોને મહિમા આવે જ. અહો! અનંતકાળથી આ અપૂર્વ જ્ઞાન ન થયું, સ્વરૂપની બહાર પરભાવમાં ભમીને અનંતકાળ દુ:ખી થયો; આ અપૂર્વ જ્ઞાન પૂર્વે જો કર્યું હોત તો આ દુ:ખ ન હોત....આમ સ્વરૂપની ઝંખના લાગે, રસ આવે, મહિમા જાગે અને એ મહિમાને યથાર્થપણે ઘૂંટતાં સ્વરૂપનો નિર્ણય કરે. આ રીતે જેને ધર્મ કરીને સુખી થવું હોય તેણે પ્રથમ શ્રુતજ્ઞાનનું અવલંબન લઈને આત્માનો નિર્ણય કરવો. ભગવાને કહેલ શ્રુતજ્ઞાનરૂપી દોરીને દ્રઢપણે પકડીને તેના અવલંબનથી સ્વરૂપમાં પહોંચી જવાય છે. શ્રુતજ્ઞાનનું અવલંબન એટલે શું? જેને સાચા શ્રુતજ્ઞાનનો જ રસ છે, અન્ય કુશ્રુતજ્ઞાનનો રસ નથી, સંસારની વાતોનો રસ ટળી ગયો છે, તેને શ્રુતજ્ઞાનનો તીવ્ર રસ લાગ્યો છે.—આ રીતે શ્રુતજ્ઞાનના અવલંબન વડે જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવા જે તૈયાર થયો છે, તેને અલ્પકાળમાં આત્મભાન થશે. સંસારનો તીવ્ર લોહવાટ જેના હૃદયમાં ઘોળાતો હોય તેને તો આ પરમ શાંતસ્વભાવની વાત સમજવાની પાત્રતા નહિ જાગે. અહીં જે 'શ્રુતનું અવલંબન' કહ્યું છે તે અવલંબન તો સ્વભાવના લક્ષે છે, પાછા ન ફરવાના લક્ષે છે, સમયસારજીમાં અપ્રતિહત શૈલીથી જ કથન છે. જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવા માટે જેણે શ્રુતનું અવલંબન ઉપાડ્યું તે આત્મસ્વભાવનો નિર્ણય કરે જ કરે. પાછો ન ફરે, એવી વાત જ સમયસારજીમાં લીધી છે.

સંસારની રુચિ ઘટાડીને આત્માનો નિર્ણય કરવાના લક્ષે જે અહીં સુધી આવ્યો તેને શ્રુતજ્ઞાનના અવલંબને નિર્ણય થવાનો જ; નિર્ણય ન થાય તેમ બને જ નહિ.

**મરતો અને જે દુખી થતો—સૌ કર્મના ઉદયે બને,**
**તેથી 'હણ્યો મેં, દુખી કર્યો'—તુજ મત શું નહિ મિથ્યા ખરે? ૨૫૭.　–શ્રી સમયસાર**

શાહૂકારના ચોપડે દિવાળાની વાત જ ન હોય, તેમ અહીં દીર્ઘસંસારીની વાત જ નથી. અહીં એક-બે ભવમાં અલ્પકાળે મોક્ષ જનાર જીવોની જ વાત છે. બધી વાતની હા જી હા ભણે અને એકેય વાતનો પોતાના જ્ઞાનમાં નિર્ણય કરે નહિ એવા 'ધજાની પૂંછડી' જેવા જીવોની વાત નથી લીધી. ટંકણખાર જેવી વાત છે. જે અનંતકાળના સંસારનો અંત લાવવા માટે પૂર્ણ સ્વભાવના લક્ષે શરૂઆત કરવા નીકળ્યો છે એવા જીવની શરૂઆત પાછી નહિ ફરે,—એવાની જ અહીં વાત છે. આ તો અપ્રતિહત માર્ગ છે. પૂર્ણતાના લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે. પૂર્ણતાના લક્ષે ઉપડેલી શરૂઆત પાછી ન ફરે. પૂર્ણતાના લક્ષે પૂર્ણતા થાય જ. (ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૧૪ થી ચાલુ)

કોઈ મુનિ છહ આવશ્યક કરે, ધ્યાન કરે, ધારણા કરે અને બાહ્ય સમાધિ કરે તે બધાં નિમિત્ત છે. તે પ્રકારનો વિકલ્પ આવે છે પણ આનંદકંદ સ્વભાવનો અનુભવ કરે તો તે બધાંને નિમિત્ત કહેવાય. નિશ્ચય પ્રગટ્યા વિના વ્યવહાર કેવો ? અજ્ઞાની જીવ વ્યવહારથી નિશ્ચય માને છે—તે ભૂલ છે. પોતાનું સ્વરૂપ ચિદાનંદ ધ્રુવ છે તેના પરિણામથી અનંત સુખ થયું, પોતાના પદની આસ્તિક્યતા થઈ. મારા પદમાં આનંદ છે, અમૃતનો અનુભવ છે, પુણ્ય-પાપ મારું પદ નથી. વળી નિજાનંદના અનુભવને કોની ઉપમા આપવી ? પુણ્યને અને સંયોગોને ઉપમા આપી શકાય પણ સ્વાભાવિક પદને ઉપમા આપી શકાય નહીં.

વળી શુભાશુભ વિકારી પરિણામ હતા ત્યાંસુધી ભેદ પડતો, પણ આનંદનો અનુભવ થતાં સ્વભાવ સાથે એકરસ થયો, શુદ્ધ ઉપયોગ થયો. વ્યવહારરત્નત્રય અશુદ્ધોપયોગ છે, શુદ્ધ ઉપયોગ નવો થયો. નિત્યાનંદમાં લીનતા થતાં સહજપદનો અનુભવ થયો. તેનું નામ મુનિપણું છે. આને મોક્ષમાર્ગ કહે છે.

અધૂરી દશામાં દયા, દાન, તીર્થયાત્રા, પૂજા આદિનો વિકલ્પ આવે છે, પણ તે મોક્ષમાર્ગરૂપ ધર્મ નથી. આત્માના ભાન દ્વારા નિર્મળતા પ્રગટે તે ધર્મ છે. આનું નામ અનુભવ છે. શુદ્ધ આત્મપરિણામનો મહિમા અપાર છે, વ્યવહારરત્નત્રયનો મહિમા નથી. (ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૧૧ થી ચાલુ)

પૂર્વે મિથ્યાત્વાદિભાવથી જે કર્મ બંધાયાં તે, ચિદાનંદસ્વભાવનું ભાન કરીને તેમાં એકાગ્રતારૂપ તપ વડે ખરી જાય છે, એને નિર્જરા કહેવાય છે. જે જીવ આવી નિર્જરા ધારણ કરે છે તે મોક્ષ પામે છે. એ પ્રમાણે નિર્જરા અનુપ્રેક્ષા પૂર્ણ થઈ. (ક્રમશઃ) ❊

## (તારા આત્માને એક ક્ષણ તો ચિન્તવ,
## અરે ! વર્તમાન અડધી ક્ષણ તો ચિંતવ)

રે ચૈતન્ય હંસ! સ્વ-પરનો વિવેક કરીને, તું સમસ્ત ચિન્તાને છોડીને, નિશ્ચિંત થઈને, પરમ પદમાં તારા ચિત્તને જોડ.




રે જીવ ! માંડ આવો મનુષ્ય અવતાર અને જન્મમરણ ટાળવાનો અવસર મળ્યો છે, તો સંસારની સમસ્ત ચિંતાને છોડીને તારા ચિત્તને અંતરમાં વાળ, ને અંતરમાં તારું નિજપદ પરમ આનંદથી ભરેલું છે તેમાં તારા ચિત્તને સ્થિર કર. ચૈતન્ય-સ્વરૂપમાં ચિત્તને જોડતાં જે સુખ થાય છે તે સુખ જગતમાં બીજે ક્યાંય નથી. ઈન્દ્ર-પદમાંય જે સુખ નથી તે સુખ ચૈતન્યના અનુભવમાં ધર્માત્માને છે.

જુઓ ભાઈ, આત્માને સુખ થાય એવી વાત તો આ છે. આ આત્મા પરદ્રવ્યથી જુદો, ને પરભાવની ઉપાધિ વગરનો, પોતે જ જ્ઞાન ને આનંદથી ભરેલો, એમાં બીજી ચિન્તા કેવી? અરે, તારા ચૈતન્યને ભૂલીને તું પારકી ચિન્તામાં પડ્યો ? પણ એમાં તારું શું પ્રયોજન છે ? તારી સ્વ વસ્તુનું માહાત્મ્ય જાણીને, એને તું સેવ. સ્વ તત્ત્વનું સેવન કર ! અનાદિથી કરોળિયાની જાળ જેવી ચિન્તા-જાળમાં તું અટવાયો, ને દુઃખી થયો, હવે તો પરની ચિન્તા છોડીને સુખનો રસ્તો લે. નિશ્ચિંત થઈને નિરંજન પરમ તત્ત્વને ધ્યાનમાં લે. અંતરમાં તારો આત્મા નિરંજનદેવ છે, તેમાં પરની ચિંતાનો પ્રવેશ નથી.



આવા નિજ શુદ્ધાત્માને ધ્યાવતાં જે અતીન્દ્રિય આનંદ થાય છે તે સુખ ત્રણ લોકમાં બીજે ક્યાંય નથી; કરોડો દેવી સાથે રમનારા ઈન્દ્રને પણ તે વૈભવમાં સુખ નથી, પરદ્રવ્યના અનુરાગમાં તો આકુળતા છે— દુઃખ છે. આરાધવા યોગ્ય તો સ્વદ્રવ્ય જ છે. આવા આત્માને ઓળખીને

પહેલાં નિર્ણય કર.....ને પછી બીજી ચિન્તાઓ છોડીને નિશ્ચિંતપણે આત્માને ધ્યાવતાં તને સમ્યગ્દર્શન થશે, તેમાં તને અપૂર્વ શાંતિ ને આનંદ થશે. જ્ઞાનદર્શનમય નિજ શુદ્ધાત્માના અનુભવમાં અનંત સુખ છે.

અરે, સુખ તારા આત્મામાં...તેની સામે તું જોતો નથી; ને પરની ચિન્તામાં દુઃખ છે..... ત્યાં તું દોડીને જાય છે. સંતો કહે છે –ભાઈ, એ પરની ચિન્તાથી તું પાછો વળ ને આનંદના ધામ એવા તારા આત્માને તું નિશ્ચિંતપણે ચિંતવ. આત્માના વખાણ સાંભળવા માત્રથી એનો સ્વાદ આવે નહિ, પણ પોતે અંતરમાં એ આત્માને ધ્યાવે તો એનો સાક્ષાત્ સ્વાદ આવે.

જે પોતાનું છે તેને પોતાનું જાણતો નથી, ને જે પોતાનું નથી તેને પોતાનું કરવા માંગે છે–તેથી જીવ દુઃખી થાય છે. સ્વતત્ત્વ શું ને એનો અપાર વૈભવ કેવો છે ? એને જાણે તો એનું ધ્યાન કરે ને ખોટું ધ્યાન છોડે.

પ્રશ્ન :–આત્માનું ધ્યાન કેમ થાય ?

ઉત્તર :–તને પરનું ધ્યાન કરતાં આવડે છે ! કેમકે ત્યાં પ્રેમ છે. સ્ત્રી-પુત્ર-પૈસા-વેપાર વગેરેનો પ્રેમ હોવાથી તેના વિચારમાં કેવો મશગુલ થઈ જાય છે ? તો એ જ રીતે આત્માનો પ્રેમ પ્રગટાવ તો આત્માના ચિન્તનમાં એકાગ્રતા થાય, એનું નામ ધ્યાન છે. પરનો પ્રેમ છોડ ને આત્માનો પ્રેમ કર, તો આત્માનું ધ્યાન થયા વગર રહે નહિ. કેમકે જેને જેનો પ્રેમ હોય તેની ચિંતામાં તે એકાગ્ર થાય છે. ચૈતન્યસ્વરૂપની પ્રાપ્તિનો જેને ખરો રંગ લાગ્યો તે બીજી બધી ચિંતા છોડીને નિશ્ચિંતપણે આત્મામાં ચિત્તને જોડે છે, ને આત્માના ધ્યાનથી કોઈ અપૂર્વ સુખ તેને પ્રગટે છે. આ બધું પોતામાં ને પોતામાં જ સમાય છે. આમાં પરની કોઈ ઉપાધિ નથી, પરની કોઈ ચિંતા નથી. અહા, જેના અવલોકનમાં અત્યંત સુખ છે એવો હું છું, એમ તું તારા આત્માને દેખ. જ્યાં પોતામાં જ સુખ છે ત્યાં પરની ચિંતા શી ? પરભાવથી ભિન્ન થઈને જેના એક ક્ષણના અવલોકનમાં આવું સુખ એના પૂર્ણ સુખની શી વાત ! એમ ધર્મીને આત્માનો કોઈ પરમ અચિન્ત્ય મહિમા સ્ફૂરે છે....પોતામાં જ આનંદના દરિયા ઉલ્લસતા તે દેખે છે. આમ જાણીને હે જીવ ! તું પણ ધર્માત્માની જેમ નિશ્ચિંતપણે તારા આત્માને પરમ પ્રીતિથી ધ્યાવ.... તને પણ તારામાં એવું જ સુખ દેખાશે. એક ક્ષણ તો ધ્યાન કર...અરે, વર્તમાન અડધી ક્ષણ તો કર.

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—વિકલ્પ સહિત નિર્ણય કરવો તે સામાન્ય શ્રદ્ધા અને નિર્વિકલ્પ અનુભવ કરવો તે વિશેષ શ્રદ્ધા છે?

ઉત્તર :—શ્રદ્ધામાં સામાન્ય-વિશેષના ભેદ છે જ નહિ. અખંડ આત્માના નિર્વિકલ્પ અનુભવ સહિત પ્રતીત કરવી તે જ નિશ્ચય સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન કરવાવાળા જીવને પહેલાં આત્મા જ્ઞાનસ્વરૂપ છે એવો વિકલ્પ સહિત નિર્ણય હોય છે અને પછી નિર્વિકલ્પ અનુભવ કરે છે ત્યારે પહેલાંના વિકલ્પ સહિતના નિર્ણયને વ્યવહાર કહેવાય છે.

પ્રશ્ન :—સ્વાનુભવ કરવા છ માસ અભ્યાસ કરવાનું કહ્યું છે તો અભ્યાસ શું કરવો?

ઉત્તર :—રાગ તે હું નહિ, ''જ્ઞાયક તે જ હું''–એમ જ્ઞાયકની દૃઢતા થાય તેવો વારંવાર અભ્યાસ કરવો.

પ્રશ્ન :—આત્માની રુચિ હોય ને અહીં સમ્યક્દર્શન ન થાય તો બીજા ભવમાં થાય?

ઉત્તર :—આત્માની સાચી રુચિ હોય તેને સમ્યગ્દર્શન થાય થાય ને થાય જ. યથાર્થ રુચિ અને લક્ષ હોય એને સમ્યગ્દર્શન ન થાય તેમ ત્રણકાળમાં બને નહીં. વીર્યમાં હીણપ ન આવવી જોઈએ. વીર્યમાં ઉત્સાહ ને નિઃશંકતા આવવી જોઈએ. કાર્ય થશે જ—એમ એના નિર્ણયમાં આવવું જોઈએ.

પ્રશ્ન :—ધારણાજ્ઞાનમાં યથાર્થ જાણે તો સમ્યક્ સન્મુખતા કહેવાય?

ઉત્તર :—ધારણાજ્ઞાનમાં દૃઢ સંસ્કાર અપૂર્વ રીતે પાડે, પૂર્વે કદી નહિ કરેલ એવાં અપૂર્વ રીતે સંસ્કાર પાડ્યા હોય તો સમ્યક્ રીતે સન્મુખતા કહેવાય.

પ્રશ્ન :—અંદરમાં ઉતરવા માટે રુચિની જરૂર છે કે બીજી કાંઈ ભૂલ છે?

ઉત્તર :—અંદરમાં ઉતરવા માટે સાચી રુચિની જરૂર છે પણ એ રુચિ માટે

વળી નવ મરે, નવ દુખી બને, તે કર્મના ઉદયે ખરે,
'મેં નવ હણ્યો, નવ દુખી કર્યો'—તુજ મત શું નહિ મિથ્યા ખરે? ૨૫૮. –શ્રી સમયસાર

બીજો ન કહી શકે, પોતાથી નક્કી થવું જોઈએ. સાચી રુચિ થાય તો આગળ વધતો જાય અને પોતાનું કામ કરી લ્યે છે.

પ્રશ્ન :—શું નવતત્ત્વનો વિચાર પાંચ ઇન્દ્રિયોનો વિષય છે? નવતત્ત્વના વિચારકને કોનું અવલંબન છે?

ઉત્તર :—નવતત્ત્વનો વિચાર પાંચ ઇન્દ્રિયોનો વિષય નથી, પાંચ ઇન્દ્રિયોના અવલંબને નવતત્ત્વનો નિર્ણય થતો નથી; એટલે નવતત્ત્વનો વિચાર કરનાર જીવ પાંચ ઇન્દ્રિયોના વિષયોથી તો પાછો ફરી ગયો છે. હજી મનનું અવલંબન છે, પણ તે જીવ મનના અવલંબનમાં અટકવા નથી માંગતો, તે તો મનનું અવલંબન પણ છોડીને અભેદ આત્માનો અનુભવ કરવા માંગે છે. સ્વલક્ષથી રાગનો નકાર અને સ્વભાવનો આદર કરનારો જે ભાવ છે તે નિમિત્ત અને રાગની અપેક્ષા વિનાનો ભાવ છે, તેમાં ભેદના અવલંબનની રુચિ છોડીને અભેદ સ્વભાવનો અનુભવ કરવાની રુચિનું જે જોર છે તે નિશ્ચય સમ્યગ્દર્શનનું કારણ છે.

પ્રશ્ન :—નવતત્ત્વના વિચાર તો પૂર્વે અનંતવાર કર્યા છે, તોપણ લાભ કેમ ન થયો?

ઉત્તર :—ભાઈ, પૂર્વે જે નવતત્ત્વના વિચાર કર્યા તેના કરતાં આ કાંઈક જુદી રીતની વાત છે. પૂર્વે નવતત્ત્વના વિચાર કર્યા તે અભેદસ્વરૂપના લક્ષ વગર કર્યા છે, ને અહીં તો અભેદસ્વરૂપના લક્ષ સહિતની વાત છે. પૂર્વે એકલાં મનના સ્થૂળ વિષયથી નવતત્ત્વના વિચારરૂપ આંગણા સુધી તો આત્મા અનંતવાર આવ્યો છે, પણ ત્યાંથી આગળ વિકલ્પ તોડી ધ્રુવ ચૈતન્યમાં એકપણાની શ્રદ્ધા કરવાની અપૂર્વ સમજણ શું છે તે ન સમજ્યો તેથી ભવભ્રમણ ઊભું રહ્યું.

પ્રશ્ન :—શુભભાવમાં ગર્ભિત શુદ્ધતા કહી છે તેમ મિથ્યા શ્રદ્ધાનમાં ગર્ભિત શુદ્ધતા છે?

ઉત્તર :—ના, મિથ્યા શ્રદ્ધાની પર્યાય વિપરીત જ છે, તેમાં ગર્ભિત શુદ્ધતા નથી. જ્ઞાનમાં નિર્મળતા ઘણી છે, જ્ઞાનના અંશને નિર્મળ કહ્યો છે ને તે વધીને કેવળજ્ઞાન થાય છે અને શુભમાં ગર્ભિત શુદ્ધતાનો અંશ કહ્યો છે પણ ગ્રંથીભેદ (સમ્યગ્દર્શન) થયા પછી તે શુદ્ધતા કામ કરે છે. (ક્રમશઃ) ❊

આ બુદ્ધિ જે તુજ—'દુખિત તેમ સુખી કરું છું જીવને',
તે મૂઢ મતિ તારી અરે! શુભ અશુભ બાંધે કર્મને. ૨૫૯. –શ્રી સમયસાર



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—શું સમ્યગ્જ્ઞાનજ્યોતિ પ્રગટ થયા પછી કેવળજ્ઞાનને પહોંચવા માટે દોટ મૂકે છે?

સમાધાન :—હા, કેવળજ્ઞાન પામવા દોટ મૂકે છે. કેવળજ્ઞાન એક સમયમાં બધે પહોંચી વળે છે, અને આ જ્ઞાનદશા અંતર્મુહૂર્તે પહોંચે છે, એવી દશા તેને પાલવતી નથી. આત્માનો સહજ સ્વભાવ એવો છે કે સમય માત્રમાં બધું જાણે અને વીતરાગરૂપે પરિણમે. જ્ઞાનજ્યોતિ પ્રગટ એક અંશ છે ને તેને પૂર્ણતાનું ધ્યેય છે. જ્ઞાનજ્યોતિ પ્રગટી તે હવે કેવળજ્ઞાનને કેમ પહોંચું, મારે ત્યાં પહોંચવું છે એ રીતે એની તરફ દોડે છે. કેવળજ્ઞાન એક સમયમાં બધું જાણે છે તો મારે પણ એક સમયમાં બધું જાણવું છે, કેવળજ્ઞાન પ્રગટ કરવું તે એક જ મારું સાધ્ય છે—એમ કરીને સ્વરૂપમાં જમાવટ કરતી કરતી જ્ઞાનજ્યોતિ કેવળજ્ઞાનને પહોંચી જાય છે.

પ્રશ્ન :—પોતાનું અસ્તિત્વ ગ્રહણ ન થાય ત્યાં સુધી પરિણતિમાં ધ્યાન કેવી રીતે કરવું?

સમાધાન :—પહેલાં મને મારો સ્વભાવ કેમ ગ્રહણ થાય એવી ભાવના—એવા વિચારો કરે. ધ્યાન થાય તે માટે બેસવું જ જોઈએ એવું નથી, પરિણતિ પોતે જ ધ્યાનદશાને લાવે છે. બહારથી બેસવા ઉપર ધ્યાનનો કોઈ આધાર નથી. જો વિભાવ પરિણતિની અસંગતા અંતરમાંથી થાય તો આગળ જાય છે. વિકલ્પની અસંગતા અને અંતરથી ભેદજ્ઞાનની ઉગ્રતા થતાં તેને અપ્રશસ્ત પરિચય કોઈ રુચે નહીં, એકાંતવાસ રુચે ને દેવ-શાસ્ત્ર-ગુરુનું સાન્નિધ્ય હોય. એવાં બધાં સાધનો હોય છે, પણ પરિણતિ સાથે એવી જાતનાં સાધનોનો પ્રતિબંધ હોતો નથી. પુરુષાર્થની મંદતાવાળો બહારનાં અશુભ નિમિત્તોથી છૂટવા માગે તેને બહારનાં શુભ સાધનોનો વિકલ્પ શુભભાવમાં આવે, પણ અંદર નિર્વિકલ્પ દશા થવામાં બહારનાં અમુક સાધનો હોવાં જ જોઈએ એવું નથી. અશુભથી છૂટવા શુભભાવ વચ્ચે આવે છે. શુદ્ધતાની ભૂમિકામાં પણ શુભભાવ આવે છે.

પ્રશ્ન :—જ્યારે બેસીને થોડો વખત વિચાર કરું છું ત્યારે ઉપયોગ આત્માના વિચારોમાં રહે છે; પણ હું તો ભણું છું, તો કેવી રીતે આત્માના વિચાર કરવા?

સમાધાન :—ભણવા ટાઈમે ભણવાના વિચારો આવે; પણ અંદરમાં એને રુચિ આત્માની હોવી જોઈએ. ખરું તો આત્માનું જ કરવાનું છે. ભણવું પડે એટલે ઉપયોગ ફર્યા કરે, પણ રુચિ તો આત્માની જ કરવાની છે. આત્મા તો બધાથી છૂટો છે. ધાર્મિક વિચારો આવે ત્યારે ઉપયોગ તે બાજુ હોય, પાછો ઉપયોગ પલટી જાય અને ખાવાના–પીવાના–ભણવાના વિચારો આવે; પણ આ તો બધું બહારનું છે, તે આત્માને લાભરૂપ નથી એમ રુચિ આત્માની રાખવી. ખરું તો આત્માનું જ કરવાનું છે.

હજી પોતાની એટલી તૈયારી નથી એટલે ઉપયોગ ફર્યા કરે છે. હજુ કાંઈ છૂટ્યું નથી અને રાગ પડ્યો છે ત્યાં સુધી વિચારો આવ્યા કરે, ઉપયોગ ફર્યા કરે પણ અંદરથી એમ થાય કે આ બધું મારા આત્માનું સ્વરૂપ નથી એમ બહારનો રસ ઓછો કરી શકે છે. જ્યારે ટાઈમ મળે ત્યારે ઉપયોગ બદલીને શુભભાવના વિચારો, વાંચન, દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા વગેરે કરે. આત્માનું ન થાય ત્યાં સુધી શ્રદ્ધા રાખે કે મનુષ્ય જીવનમાં આત્માનું જ કરવા જેવું છે. ભવનો અભાવ કેમ થાય? ભેદજ્ઞાન કેમ થાય? શરીર જુદું–આત્મા જુદો, વિકલ્પો આવે તે મારો સ્વભાવ નથી એવી રુચિ રાખવી ને નક્કી કરવું કે કરવા જેવું આ જ છે. બાકી તો એ જાતનો રાગ છે એટલે ઉપયોગ ફર્યા કરે.

પ્રશ્ન :—અમારી રુચિ આત્મા તરફ વધી જાય તો ભણવાની રુચિ ઓછી થઈ જાય, ને નાપાસ થઈએ. તો અમારે શું કરવું?

સમાધાન :—ધર્મમાં–આત્મામાં પાસ છે તે ખરો પાસ છે. ભણવામાં નાપાસ થાય ને પોતાને ખેદ થતો હોય તો એમાં જોડાય; પણ તેમાં પાસ થવું તે પુણ્ય પ્રમાણે છે, બહુ ધ્યાન રાખીને ભણે તો પાસ જ થાય અને ઓછું ધ્યાન રાખીને ભણે તો નાપાસ થાય એવું નથી. પુણ્ય સરખાં ન હોય ને બહુ ધ્યાન રાખીને ભણે તો પણ નાપાસ થાય છે તથા પુણ્ય હોય ને ઓછું ધ્યાન આપે તો પણ પાસ થઈ જાય છે. બહારમાં તો પુણ્ય પ્રમાણે બને છે.

પ્રશ્ન :—હજુ ભેદજ્ઞાન નથી થયું તો કેવા વિચારો કરવા?

સમાધાન :—ભેદજ્ઞાન નથી થયું તો, તે કેમ થાય? એ વિચારો કરવા, અંતરમાં પ્રયાસ કરવો. આત્મા કેમ ઓળખાય? આત્માનું શું સ્વરૂપ છે? દ્રવ્ય-ગુણ-પર્યાય શું છે? પુદ્ગલ શું છે? વિભાવ શું છે? મોક્ષ શું છે? મોક્ષનો માર્ગ શું છે? એવા અનેક પ્રકારના વિચારો હોય છે.

શાસ્ત્રમાં અનેક પ્રકારની વાત આવે છે. ભેદજ્ઞાન ન થાય ત્યાં સુધી વિચારીને

નક્કી કરે કે આત્મા જુદો છે ને શરીર જુદું છે, વિભાવ મારો સ્વભાવ નથી, હું તેનાથી જુદો છું, એમ નક્કી કરવા માટે, દૃઢતા કરવા માટે ઘણું વિચારવાનું છે. પ્રયાસ કરે કે હું જુદો છું તો જુદો કેવી રીતે પડું? તેની લગની લગાડે, પ્રયાસ કરે. જેમ માખણ જુદું ન પડે ત્યાં સુધી દહીંને વલોવ્યા કરે તેમ પોતે વાંચન, વિચાર વારંવાર કર્યા જ કરે, છોડે નહીં. કાર્ય થતું નથી માટે નહીં થાય કે માર્ગ બીજો હશે એમ શ્રદ્ધામાં ફેર પડવો ન જોઈએ. કરવાનું તો આ જ છે, માર્ગ આ જ છે. પ્રયાસ છોડે નહીં ને વારંવાર વારંવાર પ્રયાસ કર્યા કરે.

જેમ ભગવાનને દ્વારે ટહેલ માર્યા કરે, ભગવાનના દ્વાર ખૂલે નહીં ત્યાં સુધી ટહેલ મારવી છોડે નહીં તેમ હું જ્ઞાયક છું તે સમજાતું નથી માટે પ્રયાસ છોડી દે નહીં, એની લગની લગાડ્યા જ કરે, ભગવાનના—ચૈતન્યના દ્વારે ફર્યા જ કરે, ચૈતન્યદેવ કેવા હશે! તે વિચારો કર્યા કરે, મહિમા લાવે, અંતરમાં રસ લગાવે ને બહારના રસ છોડી દે. ટાઈમ મળે ત્યારે વારંવાર ભેદજ્ઞાનના વિચારો કર્યા કરે. અંદરનો રસ-રુચિ લાગે તો તેના (ભેદજ્ઞાનના) વિચારો આવે છે.

બહારથી બધું છોડી દે, ત્યાગ કરે એટલે અંતરમાં થઈ જાય એવું નથી. પ્રથમ બહારથી બધું છૂટી જતું નથી, અંતરમાંથી રસ-રુચિ લાગે ત્યારે થાય છે. વાંચન, વિચાર, મંથન, ઘોલન અને તેનો વારંવાર પ્રયાસ કર્યા કરવો. અંદરથી છૂટવું તે ખરું છૂટવું છે. સમ્યગ્દર્શન થાય, ભેદજ્ઞાન થાય, સ્વાનુભૂતિ થાય અને અંતરની દશા વધે ત્યારે અંતરમાંથી બહારનો રસ ઓછો થઈ જાય છે અને બહારથી બધું છૂટી જાય છે.

પ્રશ્ન :—તત્ત્વસંબંધી અનેક વિચારોથી આત્મા ઓળખાય?

સમાધાન :—ધ્યેય તો એક જ્ઞાયકનું જ હોવું જોઈએ. જ્ઞાયક કેમ ઓળખાય તે સમજવા માટે વિચારો આવે, દ્રવ્ય-ગુણ-પર્યાય શું છે? એવું અનેક જાતનું વિચારવાનું અંદર આવે; પરંતુ તેમાં જ્ઞાયક મુખ્ય હોવો જોઈએ. આત્માનું સ્વરૂપ કેવું છે? આત્મા કેમ ઓળખાય? આત્મા જુદો કેમ પડે? ભેદજ્ઞાન કેમ થાય? આત્માની પ્રતીતિ કેમ થાય; તે વિચારોમાં ધ્યેય એક આત્માનું હોવું જોઈએ, આત્માર્થે બધું હોવું જોઈએ. માત્ર જાણવા ખાતર જાણી લેવું એમ નહીં, આત્માને લાભ થાય એવા વિચારો હોય. હું જ્ઞાયક છું, પરદ્રવ્યરૂપ નથી વગેરે તે નક્કી કરવાના તેમ જ દ્રવ્યાનુયોગ, ચરણાનુયોગ, કરણાનુયોગ ને ધર્મકથાના જ્ઞાનને લગતા એવા બધી જાતના વિચારો આવે; પણ નક્કી એક આત્માને કરવાનો છે. બધું જાણ્યું, પણ એક આત્માને ન જાણ્યો તો બધું જાણ્યું શું કામનું? બધું જાણવાની સાથે આત્મા મુખ્ય હોય તો તે પ્રયોજનભૂત—સારભૂત છે.

## બાળ વિભાગ

# સુકોશલ–રાજકુમારનો વૈરાગ્ય

હમણાં તમે જેમના વૈરાગ્યની કથા વાંચી, તે વજ્રબાહુનો નાનો ભાઈ પુરંદર, અયોધ્યાનો રાજા થયો. તેણે પોતાના પુત્ર કીર્તિધરને રાજ્ય સોંપીને મુનિદીક્ષા લીધી. તે કીર્તિધરના પુત્રનું નામ સુકોશલ.




અયોધ્યાના રાજા કીર્તિધરનું ચિત્ત સંસાર ભોગોથી વિરક્ત હતું....તે ધર્માત્મા રાજપાટ વચ્ચે પણ સંસાર-ભોગોનું અસારપણું વિચારતા હતા, ને મુનિદશાની ભાવના ભાવતા હતા.

એક દિવસ ભરબપોરે આકાશમાં સૂર્યગ્રહણ દેખીને તેમનું ચિત્ત ઉદાસ થયું ને સંસારની અનિત્યતા વિચારવા લાગ્યા : અરે, આ સૂર્ય પણ રાહુ વડે ઢંકાઈ જાય છે, તો આ સંસારના ક્ષણભંગુર ભોગોની શી વાત ! એક ક્ષણમાં વિનષ્ટ થઈ જશે. માટે તેનો મોહ છોડીને હું આત્મહિત માટે જિનદીક્ષા અંગીકાર કરીશ....

રાજા કીર્તિધરે પોતાના વૈરાગ્યના વિચાર મંત્રીઓને કહ્યા : મંત્રીઓએ કહ્યું; મહારાજ ! તમારા વગર આ અયોધ્યાપુરીનું રાજ્ય કોણ સંભાળશે ? હજી તમે યુવાન છો.....વળી જેમ તમારા પિતાએ તમને રાજ્યભાર સોંપીને પછી જિનદીક્ષા લીધી હતી, તેમ તમે પણ તમારા પુત્રને રાજ્ય સોંપીને પછી દીક્ષા લેજો.— આ પ્રમાણે મંત્રીઓએ વિનતિ કરી. આથી રાજાએ એવી પ્રતિજ્ઞા લીધી કે પુત્રનો જન્મ થવાના સમાચાર સાંભળું તે જ દિવસે તેનો રાજ્યાભિષેક કરીને હું મુનિવ્રત ધારણ કરીશ.

થોડા સમય બાદ, કીર્તિધર રાજાની રાણી સહદેવીએ એક સુંદર પુત્રને જન્મ આપ્યો...તેનું નામ 'સુકોશલ.'

પુત્રજન્મની વાત સાંભળશે તો રાજા દીક્ષા લઈ લેશે—એવી બીકને લીધે રાણી સહદેવીએ તે વાત છૂપાવી રાખી. થોડા દિવસ સુધી તો તે વાત રાજાથી ગુપ્ત રહી. પણ સૂરજ ઊગે તે ક્યાં સુધી છાનું રહે ? તેમ પુત્રજન્મના ખુશખબર આખી અયોધ્યાનગરીમાં ફેલાઈ ગયા....ને થોડા જ દિવસમાં કોઈ નગરજને રાજાને તે વધાઈ આપી. રાજાએ ખુશી થઈને તેને પોતાના વસ્ત્રાભૂષણ ભેટ આપ્યાં...બસ, હવે હું તે રાજપુત્રને રાજ્ય



સોંપીને આ સંસારબંધનથી છૂટીશ; આમ તેણે વિચાર્યું; અને પંદરદિવસની વયનો રાજકુમાર સુકોશલ, જે હજી તો માતાની ગોદમાં હતો. તેને રાજતિલક કરીને પોતે જિનદીક્ષા ધારણ કરી લીધી....અને આત્મસાધનામાં તત્પર થઈને વનમાં વિચરવા લાગ્યા.

કીર્તિધર રાજા મુનિ થઈ ગયા તેથી તેમની રાણી સહદેવીને ઘણો જ આઘાત થયો; તેને બીક લાગી કે મારો કુંવર પણ ક્યાંક દીક્ષા લઈને ચાલ્યો જશે તો ! તેમાં વળી કોઈ ભવિષ્યવેત્તાએ તેને કહ્યું કે—'જે દિવસે આ રાજકુમાર તેના પિતાને દેખશે તે જ દિવસે તે દીક્ષા લઈ લેશે.' આથી કોઈ મુનિ તે રાજકુમારની નજરે ન ચડી જાય તે માટે તેણે એવો હુકમ કર્યો કે કોઈ નિર્ગ્રંથ–મુનિને રાજમહેલની સમીપ આવવા ન દેવા ! અરેરે, પુત્રમોહથી તેને મુનિઓ ઉપર દ્વેષભાવ આવી ગયો.

રાજકુમાર સુકોશલ વૈરાગ્યવંત ધર્માત્મા હતો; રાજવૈભવના સુખોમાં એનું ચિત્ત ચોંટતું નહીં. આત્મસ્વભાવની ભાવનામાં તે રત રહેતો હતો. યુવાન થતાં તેની માતાએ તેનાં લગ્ન કર્યાં. એક દિવસ સુકોશલકુમાર રાજમહેલની અગાશીમાં બેસીને અયોધ્યા નગરની શોભા નીહાળતો હતો; તેની માતા સહદેવી તેમ જ ધાવમાતા પણ ત્યાં જ હતા.

એવામાં એકાએક ગામ બહાર નજર કરતાં રાજકુમારે જોયું કે કોઈ મહા તેજસ્વી મુનિરાજ શહેર તરફ આવી રહ્યા છે...પણ રાજ્યના સિપાઈઓ તેમને દરવાજા બહાર અટકાવી રહ્યા છે...નગરીમાં આવવા દેતા નથી. એ દૃશ્ય દેખીને કુમારને આશ્ચર્ય થયું... તેને સમજાયું નહિ કે આવનાર મહાપુરુષ કોણ છે ને પહેરેગીરો તેને શા માટે રોકી રહ્યા છે ?



બીજી બાજુ સહદેવીએ પણ તે મુનિરાજને દેખ્યા...તે બીજું કોઈ નહિ પણ મહારાજા કીર્તિધર જ હતા.– જેમણે સુકોશલને ૧૫ દિવસનો

છોડીને દીક્ષા લીધી હતી. તેમને જોતાં જ રાણીને ધ્રાસકો પડ્યો કે અરે, તેમના વૈરાગ્ય–ઉપદેશથી મારો પુત્ર પણ ક્યાંક સંસાર છોડીને ચાલ્યો જશે !

આથી રાણી સહદેવીએ સેવકોને આજ્ઞા કરી કે આ કોઈ મેલો-ઘેલો અજાણ્યો નગ્નપુરુષ નગરીમાં આવે છે. તે ક્યાંક મારા સુકોશલ પુત્રને ભોળવીને લઈ જશે ! માટે તેને નગરમાં આવવા ન દેશો. વળી નગરીમાં એવા બીજા નગ્ન સાધુઓ આવે તો તેમને પણ આવવા ન દેશો; જેથી મારો પુત્ર તેને દેખવા ન પામે ! પંદર દિ'ના નાના બાળકને છોડીને ચાલ્યા જતાં તેમને દયા પણ ન આવી !


—આમ સહદેવીએ, સાધુ થયેલા પોતાના સ્વામી પ્રત્યે અનાદરવચન કહીને તીરસ્કાર કર્યો... 'અરેરે ! આ દુષ્ટ રાણી એક વખતના પોતાના સ્વામીનું અપમાન કરે છે !'—એ દેખીને ધાવમાતાની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં !

એ વખતે, સુકોશલ રાજકુમારનું કોમળ હૃદય ઉપરનું દૃશ્ય જોઈ ન શક્યું, તેણે તરત ધાવમાતાને પૂછ્યું—મા, આ બધું શું છે ? પેલા મહાપુરુષ કોણ છે ? તેને નગરીમાં કેમ નથી આવવા દેતા ? ને તેને દેખીને તું કેમ રડે છે !!

કુંવરનો પ્રશ્ન સાંભળતાં ધાવમાતાનું હૈયું એકદમ ભરાઈ આવ્યું ને રોતાં-રોતાં તેણે કહ્યું : બેટા ! એ મહાપુરુષ બીજું કોઈ નહીં—પણ તારા પિતા જ છે. તેઓ આ અયોધ્યા નગરીના મહારાજા કીર્તિધર પોતે છે ને સાધુ થયા છે. અરે, એક વખતના આ રાજ્યના સ્વામી, તેમના આ સેવકો તેમના જ રાજ્યમાં આજે તેમનો જ અનાદર કરી રહ્યા છે ! આ અયોધ્યાનગરીના રાજમહેલમાં કદી કોઈ સાધુનો અનાદર નથી થયો; એને બદલે આજે, સાધુ થયેલા મહારાજાનો જ અનાદર રાજમાતા દ્વારા થઈ રહ્યો છે : રાજમાતા પોતાના સ્વામીને, અને સાધુને મેલોઘેલો ભિખારી જેવો કહીને તીરસ્કાર કરી રહી છે.

ધાવમાતા સુકોશલકુમારને કહે છે : બેટા, તું નાનો બાળક હતો ત્યારે જ વૈરાગ્ય પામીને તારા પિતા જૈનસાધુ થયા છે, ને તે સાધુ મહાત્મા જ અત્યારે આ નગરીમાં પધારી રહ્યા છે...આહાર માટે પધારેલા મુનિ આપણા આંગણેથી કદી પાછા ગયા નથી અને પુત્રને રાજ્ય સોંપીને દીક્ષા લઈને આત્મકલ્યાણ કરે એવી પરંપરા તો અસંખ્ય પેઢીથી આપણા વંશમાં ચાલી આવી છે, અને તે પદ્ધતિ અનુસાર તારા પિતાએ તને રાજ્ય સોંપીને જિનદીક્ષા લીધી છે.

—આમ ધાવમાતાએ કહ્યું : તે સાંભળતાં જ સુકોશલકુમાર આશ્ચર્ય પામ્યો : અરે, આ તો મારા પિતાજી ! એ ભિખારી નથી પણ ભગવાન છે. મહાભાગ્યે આજે મને તેમનાં દર્શન થયા.– એમ કહેતો તે રાજકુમાર, માથે મુગટ કે પગમાં પાવડી પણ પહેર્યા



વગર, ઉઘાડે માથે ને ઉઘાડે પગે નગર બહાર મુનિરાજ તરફ દોડ્યો.... પિતા પાસે ધર્મનો વારસો લેવા દોડ્યો. જાણે કે સંસારનાં બંધન તોડીને મુક્તિ તરફ દોડતો હોય !–એમ મુનિરાજ પાસે પહોંચ્યો....ને તેમના ચરણોમાં નમી પડ્યો.... આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી. પિતાજી ! ક્ષમા કરો...પ્રભુ ! મેં આપને ઓળખ્યા નહીં. હવે મને આ સંસારબંધનથી છોડાવો...

શ્રી કીર્તિધર મુનિરાજે કહ્યું : હે વત્સ ! આ અસાર સંસારમાં બધા સંયોગ ક્ષણભંગુર છે. તેના ભરોસે શું રહેવું ? આ સારભૂત આત્મતત્ત્વ જ આનંદથી ભરેલું છે, તેની સાધના સિવાય બીજું કોઈ શરણ નથી....આમ વૈરાગ્ય-ભરપૂર ધર્મોપદેશ આપ્યો.

ધર્મપિતા પાસેથી એ ઉપદેશ સાંભળીને રાજકુમાર સુકોશલનું ચિત્ત ઘણું તૃપ્ત થયું...આવા અસાર સંસારથી તેનું મન ઊઠી ગયું...ને શાંતચિત્તે વિનયપૂર્વક હાથ જોડીને પ્રાર્થના કરી : પ્રભો ! મને પણ જિનદીક્ષા આપીને આપના જેવો બનાવો ! હું મોહનિદ્રામાં સૂતો હતો તેમાંથી આપે મને જગાડ્યો...આપ જે મોક્ષસામ્રાજ્યને સાધી રહ્યા છો...મને પણ તે મોક્ષસામ્રાજ્ય આપો !—આમ તે રાજકુમાર ત્યાં જ દીક્ષા લેવા માટે તૈયાર થયો.

એવામાં ત્યાં રાજમાતા સહદેવી, તેની ગર્ભવતી રાણી–વિચિત્રમાળા, તેમજ મંત્રી વગેરે આવી પહોંચ્યા....તેમણે રાજકુમારને કહ્યું કે–કુંવરજી ! તમે ભલે દીક્ષા લેજો...પણ હમણાં રોકાઈ જાવ. તમારા વંશમાં એવો રીવાજ ચાલ્યો આવે છે કે પુત્ર મોટો થાય તેને રાજ સોંપીને પછી રાજા દીક્ષા લ્યે છે...માટે તમે પણ રાણી–વિચિત્રમાળાનો બાળક મોટો થાય ત્યારે તેને રાજ સોંપીને પછી દીક્ષા લેજો...

ત્યારે રાજકુમારે કહ્યું : જ્યાં વૈરાગ્યદશા જાગી ત્યાં સંસારના કોઈ બંધન પાલવે નહિ. છતાં આ વિચિત્રદેવીના ગર્ભમાં જે બાળક છે તેને રાજતિલક કરીને હું રાજ્ય સોંપું છું—એમ કહી, ત્યાં ને ત્યાં ગર્ભસ્થબાળકને અયોધ્યાનું રાજ્ય સોંપીને, તે સુકોશલકુમારે પોતાના પિતા કીર્તિધર મુનિ પાસે જિનદીક્ષા લીધી...પિતા સાથે પુત્ર પણ સંસારના બંધન તોડી મોક્ષપંથે ચાલવા લાગ્યો. કલૈયો કુંવર રાજવૈભવ છોડીને મોક્ષના આત્મવૈભવને સાધવા લાગ્યો...ક્ષણ પહેલાંનો રાજકુમાર અત્યારે મુનિ થઈને આત્મધ્યાનમાં શોભી રહ્યો છે. ધન્ય તેનું આત્મજ્ઞાન....ધન્ય તેનો વૈરાગ્ય ! રાજકુમાર સુકોશલના વૈરાગ્યની વાર્તા પૂરી થઈ.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાત : ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| પ્રાત : ૭-૪૫ થી | : | શ્રી જિનેન્દ્ર પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર સોળમીવારનું પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૩૦ થી ૮-૩૦ | : | સમાધિતંત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

### * ભગવાન મહાવીર નિર્વાણ મહોત્સવ(દીપાવલી) સાનંદ સંપન્ન *

ભગવાન મહાવીરના નિર્વાણ મહોત્સવ પ્રસંગે સુવર્ણપુરીના પરમાગમ મંદિરમાં શ્રી પંચકલ્યાણક વિધાન પૂજાનું આયોજન થયું હતું. ભગવાન મહાવીરના નિર્વાણકલ્યાણકના દિવસે નિર્વાણલાડુ ચઢાવવાનો લાભ (૧) શ્રી મંજુલાબેન શાંતિલાલ મોદી હસ્તે અનુપમ, ચેતના તથા તનીષા, જિનાલી, નિશાંત તથા વિપુલભાઈ મોદી, ઘાટકોપર-મુંબઈ તથા (૨) શ્રી જિતેન્દ્ર વ્રજલાલ શાહ પરિવાર, ઘાટકોપર-મુંબઈને તથા શ્રી રમેશચંદ્ર નારયણદાસ ખાટડીયા હસ્તે મંજુબેન, હેમલ તથા હિરલ, સુરેન્દ્રનગરને પ્રાપ્ત થયો હતો.

### * વિશેષ ધાર્મિક કાર્યક્રમ *

આપણા પરમ તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની વાર્ષિક સમાધિદિન નિમિત્તે સોનગઢમાં પંચાહ્નિક વિશેષ ધાર્મિક કાર્યક્રમ કારતક વદ ૩ તા. ૬-૧૧-૨૦૧૭, સોમવારથી કારતક વદ ૭ તા. ૧૦-૧૧-૨૦૧૭, શુક્રવાર સુધી રાખવામાં આવ્યો છે. આ 'ગુરુ-ઉપકારસ્મૃતિ'નો કાર્યક્રમ શ્રી પંચપરમેષ્ઠીમંડલ વિધાન પૂજા, પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ગુરુ-ભક્તિભીના માર્ગદર્શન અનુસાર વીતરાગ દેવ-ગુરુની ભક્તિ તથા વીતરાગ તત્ત્વજ્ઞાનની કલ્યાણી ઉપાસનાપૂર્વક સાદગીથી ઊજવવામાં આવશે.

### * ભગવાન શ્રી કુંદકુંદાચાર્ય 'આચાર્યપદવી દિન' સમારોહ *

શ્રી કુંદકુંદાચાર્યદેવના 'આચાર્યપદવી દિન'નો ઉત્સવ માગશર વદ ૮, તા. ૧૦-૧૨-૨૦૧૭ રવિવારના રોજ ભગવાન કુંદકુંદાચાર્યદેવના વિશેષ પૂજન-ભક્તિના કાર્યક્રમ સાથે ઉજવવામાં આવશે.

## (૫૧)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન

આપેલ વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા ભરો.

(૧) પદાર્થના યથાર્થ સ્વરૂપની સિદ્ધિ ............... થી થઈ શકે છે.
(મોક્ષમાર્ગ, અનેકાંત, નય)

(૨) મુનિરાજ ................ ના માટે આહાર લે છે.
(આયુવૃદ્ધિ, ક્ષુધાની ઉપશાંતિ, શરીરવૃદ્ધિ)

(૩) સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ............. થી થાય છે.　(પ્રમાણજ્ઞાન, નય, દ્રવ્યદૃષ્ટિ)

(૪) દર્શન મોહનીય કર્મનો બંધ ............... ગુણસ્થાને થાય છે.
(પ્રથમ, બીજા, એકથી ત્રણ)

(૫) જીવ જ્યાંથી આવે છે પરંતુ ત્યાં જઈ શકતો નથી તે ............. છે.
(ઈતરનિગોદ, સિદ્ધશિલા, નિત્યનિગોદ)

(૬) જીવના ક્રોધરૂપ પરિણામમાં કાળદ્રવ્ય એ ............. નિમિત્ત છે.
(ઉદાસીન, પ્રેરક, બાહ્ય)

(૭) વર્તમાન અશુદ્ધ પર્યાયનો સ્વીકાર કર્યા વિના માત્ર પોતાને એકાંતે પરમાત્મા માનવો એ ............... નું સ્વરૂપ છે.(વ્યવહારાભાસી, નિશ્ચયાભાસી, ઊભયાભાસી)

(૮) જિનકલ્પી, સ્થવિરકલ્પી, અપવાદમાર્ગી અને ઉત્સર્ગમાર્ગી એ ............ ના પ્રકાર છે.　(અવિરત સમ્યગ્દષ્ટિ, શ્રાવક, મુનિ)

(૯) પૂજ્ય ગુરુદેવશ્રીનો જીવનમંત્ર .............. હતો.　(બ્રહ્મચર્ય, વ્રત-તપ, પુરુષાર્થ)

(૧૦) ૨૨ પરિષહજયમાં જ્ઞાનની અધિકતા હોવા છતાં પણ માન ન કરવું તે ............ છે.　(પ્રજ્ઞા, અલાભ, અજ્ઞાન)

(૧૧) સૌધર્મ એ .............. દેવનો પ્રકાર છે.　(કલ્પવાસી, અનુદિશ, અનુત્તર)

(૧૨) છ પ્રકારનાં આહારમાં મનોઆહાર ............... હોય છે.
(તીર્થંકર, દેવ, નારકી)

(૧૩) તીર્થંકર નામકર્મ પ્રકૃતિ બંધ માટે સોલહકારણ ભાવનામાં મુખ્યત્વે ............... ભાવના છે.　(નિરંતર જ્ઞાન ઉપયોગ, ત્યાગ તથા તપ, દર્શનવિશુદ્ધિ)

(૧૪) નવ તત્ત્વમાં મોક્ષતત્ત્વ એ ............. સ્વરૂપે છે. (દ્રવ્ય, પર્યાય, ગુણ)

(૧૫) ઇન્દ્રિયજન્ય સુખ વિપક્ષની ઉત્પત્તિવાળું હોવાથી ............ છે. (સપ્રતિપક્ષ, અક્ષુબ્ધ, અવિચ્છન્ન)

(૧૬) આત્માના મોહ-ક્ષોભ રહિત પરિણામ તે ખરેખર .............. છે. (સંયમ, ચારિત્ર, જ્ઞાનનો ક્ષયોપશમ)

(૧૭) ઋષિનાં ચાર ભેદમાં વિક્રિયા અક્ષીણ ઋદ્ધિના ધારકને ........... કહે છે. (રાજઋષિ, દેવઋષિ, પરમઋષિ)

(૧૮) કુંદકુંદ આચાર્યદેવ રચિત પાંચ પરમાગમમાં પરમાર્થ પ્રતિક્રમણનું વિસ્તારથી કથન ................ શાસ્ત્રમાં આપેલ છે. (પંચાસ્તિકાય, નિયમસાર, અષ્ટપાહુડ)

(૧૯) "અરીસામાં જેમ પ્રતિબિંબ પડે તે વખતે જ તેની નિર્મળતા હોય છે, તેમ વિભાવ પરિણામ વખતે જ તારામાં નિર્મળતા ભરેલી છે" આ વાત પૂજ્ય બહેનશ્રીના વચનામૃત બોલ ..............માં કરેલ છે. છે. (૧૦૨, ૯૪, ૮૬)

(૨૦) મોક્ષ પ્રાપ્તિ માટે .............. ગુણસ્થાન અનિવાર્ય છે. (છઠ્ઠું, ચોથું, બીજું)

---

# પ્રૌઢ માટેના આપેલ પ્રશ્ન
# ઓક્ટોબર–૨૦૧૭ના ઉત્તર

(૧) અસંયુક્ત
(૨) અપ્રગટ
(૩) સમ્યક્દૃષ્ટિ શ્રાવક
(૪) સિદ્ધ
(૫) નિર્વાણ
(૬) પુદ્‌ગલ
(૭) અજીવ
(૮) પુરુષાર્થ
(૯) માર્ગણા
(૧૦) વીતરાગતા
(૧૧) કર્તા
(૧૨) પરિણામો
(૧૩) કર્મ
(૧૪) સંશય
(૧૫) શુભ
(૧૬) જ્ઞાયક
(૧૭) સ્વભાવ
(૧૮) પ્રવચનસાર
(૧૯) ચારિત્ર
(૨૦) દસમા

## (૫૧)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચેના પ્રશ્નોનાં ઉત્તરો છઢાળાની ત્રીજી ઢાળમાંથી મળશે.)

(૧) મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર જીવને ................ કારણ છે.

(૨) જીવ મોક્ષના માર્ગમાં લાગે તો ............... થાય.

(૩) સાચો મોક્ષમાર્ગ ............... છે.

(૪) નિશ્ચયનયના આશ્રયે મુનિવરો .................... સાધે છે.

(૫) રાગસહિત વ્યવહાર રત્નત્રય તે સત્યાર્થ ................. નથી.

(૬) રાગ તે આત્માનો સ્વભાવ .................

(૭) શુભાશુભ રાગ તે .................. કારણ છે.

(૮) સમ્યક્ચારિત્ર તે ................. કારણ છે.

(૯) સ્વદ્રવ્યના ગ્રાહક .................. થાઓ.

(૧૦) આખોય મોક્ષમાર્ગ ............... આશ્રિત જ છે.

(૧૧) આત્માને જાણ્યા વગર તેની ................ ન થઈ શકે.

(૧૨) ચોથા ગુણસ્થાને ............... ચારિત્ર હોય છે.

(૧૩) ઉપયોગની શુદ્ધતા વધવાથી સાચી .................. થાય છે.

(૧૪) આત્મસ્વરૂપમાં લીનતા તે ................. છે.

(૧૫) સૌથી કિંમતી ત્રણ રત્નો (૧) .................. (૨) ..................
(૩) ..................

(૧૬) પરથી ભિન્ન આત્માની રુચિ તે ................... છે.

(૧૭) શુદ્ધાત્માના આશ્રયે સાચો .................... પ્રગટે છે.

(૧૮) સંખ્યા અપેક્ષાએ બહિરાત્મા ................ છે, અંતરાત્મા ............... છે અને પરમાત્મા .............. છે.

(૧૯) અરિહંત ભગવાનને .............. અને ............... ગુણસ્થાન હોય છે.

(૨૦) ઉત્તમ અંતરાત્મા ............... થી ............. ગુણસ્થાનવર્તી શુદ્ધોપયોગી મુનિ હોય છે.

# બાળકો માટેના આપેલ પ્રશ્ન ઓક્ટોબર–૨૦૧૭ના ઉત્તર

| | | |
|---|---|---|
| (૧) શાંતિનાથ | (૯) શીતલનાથ | (૧૭) મહાવીર |
| (૨) અભિનંદનનાથ | (૧૦) અજિતનાથ | (૧૮) અરહનાથ |
| (૩) અનંતનાથ | (૧૧) સુમતિનાથ | (૧૯) નેમિનાથ |
| (૪) વાસુપૂજ્ય | (૧૨) પારસનાથ | (૨૦) મુનિસુવ્રતનાથ |
| (૫) શ્રેયાંસનાથ | (૧૩) ચંદ્રપ્રભુ | (૨૧) સુપારસનાથ |
| (૬) પદ્મપ્રભ | (૧૪) ધર્મનાથ | (૨૨) ઋષભદેવ |
| (૭) વિમલનાથ | (૧૫) પુષ્પદંત | (૨૩) કુંથુનાથ |
| (૮) મલ્લિનાથ | (૧૬) સંભવનાથ | (૨૪) નમિનાથ |

## વૈરાગ્ય સમાચાર :–

મહુવા નિવાસી નિશાબેન (–તેઓ શ્રી મનસુખલાલ હીરાલાલ ભાયાણીની સુપુત્રી) (ઉ.વ. ૫૧) તા. ૧૫-૮-૨૦૧૭ના રોજ દેહપરિવર્તન કરેલ છે.

અમદાવાદ નિવાસી શ્રી જશુભાઈ કાંતીલાલ કામદાર (ઉ.વ. ૭૯) તા. ૨૯-૮-૨૦૧૭ના રોજ ધર્મ આરાધનાપૂર્વક શાંત પરિણામે દેહ પરિવર્તન કરેલ છે.

બેંગલોર નિવાસી શ્રી ભભૂતમલજી ભંડારી (ઉ.વ. ૯૧) તા.૧૨-૯-૨૦૧૭ના રોજ દેહ પરિવર્તન કરેલ છે. બેંગલોર મંદિર બનાવવામાં તેઓશ્રીનો સિંહફાળો હતો. તેઓશ્રી પૂજ્ય ગુરુદેવશ્રી, પૂજ્ય બહેનશ્રી અને સોનગઢ પ્રત્યે ખૂબ જ લાગણી પ્રેમ ધરાવતા હતા. પૂજ્ય ગુરુદેવશ્રી તેમને પ્રવચનોમાં ઘણી વખત યાદ કરતા હતા.

નાગનેશ નિવાસી (હાલ વડોદરા) શ્રી ચંદ્રિકાબેન અમૃતલાલ ઝોબાલીયા (–જેઓ બ્ર. રંજનબેન જોબાલીયાના ભાભી) (ઉ.વ. ૮૪) તા. ૧-૧૦-૨૦૧૭, રવિવાર સવારે દેહપરિવર્તન શાંત પરિણામથી કરેલ છે. તેઓનાં પરિણામમાં ખૂબ જ શાંતિ હતી.

સુરેન્દ્રનગર નિવાસી (હાલ અમદાવાદ) શ્રી શશીકાંતભાઈ અમૃતલાલભાઈ ગાંધી (ઉ.વ. ૬૭) તા. ૫-૧૦-૨૦૧૭ના રોજ સોનગઢથી અમદાવાદ જતા કાર અકસ્માતમાં સ્વર્ગવાસ થયેલ છે. તેમની સોનગઢ રહેવાની ઘણી ભાવના હતી.

અમદાવાદનિવાસી શ્રી નિર્મળાબેન કાંતિલાલ શાહ (–તેઓ નરેન્દ્રભાઈ કાંતિલાલ શાહના માતુશ્રી)નું તા. ૬-૧૦-૨૦૧૭ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેમને ગુરુદેવ અને માતાજી પ્રત્યે અપાર ભક્તિભાવ હતો

ચરખડિયા (કાનાતળાવ) નિવાસી (હાલ સુરત) શ્રી હરિભાઈ પરબતભાઈ પટેલ (ઉ.વ. ૮૦) ટૂંકી બિમારીમાં તા. ૧૮-૧૦-૨૦૧૭ના બુધવાર રોજ દેહ પરિવર્તન કરેલ છે. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રી તથા બહેનશ્રી અને સોનગઢ પ્રત્યે અપાર ભક્તિ ધરાવતા હતાં. તેઓએ સંસ્થાના વહીવટી કામમાં અગત્યનો ફાળો આપ્યો હતો. છેલ્લે ઘણાં વર્ષોથી સોનગઢમાં સ્થાયી રહેતા હતાં. તેઓ ઘણા વર્ષ સુરત મંડળના પ્રમુખ હતા.

નમઃ શ્રીસીમંધરદેવાય નમઃ શ્રીકહાનગુરુદેવાય વન્દે ભગવતીમાતરમ્

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત

*શ્રી કહાન પુષ્પ પરિવાર આયોજિત*

# સત્તરમી બાલસંસ્કાર અધ્યાત્મ જ્ઞાન શિબિર

(તા. ૨૫-૧૨-૨૦૧૭ થી તા. ૩૦-૧૨-૨૦૧૭)

અનંત ઉપકારી પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા તેમના અનન્યભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મપ્રભાવના યોગથી આપણે સૌ મુમુક્ષુઓ સત્ય શુદ્ધાત્મા પ્રગટ કરવાનો માર્ગ સમજી શક્યા છીએ. આ ઊંડા તત્ત્વ સંસ્કારનું સિંચન આપણી ભવિષ્યની પેઢીમાં પણ થાય એ અત્યંત આવશ્યક છે. આ હેતુને ધ્યાનમાં રાખી શ્રી કહાન પુષ્પ પરિવાર દ્વારા પાછલા સોળ વર્ષોથી બાળસંસ્કાર શિબિરોનું આયોજન કરાઈ રહ્યું છે. આ જ શ્રેણિમાં આ વર્ષે પણ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૨૫-૧૨-૧૭ થી તા. ૩૦-૧૨-૧૭ સુધી સત્તરમી બાળ સંસ્કાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આ શિબિરમાં આવવાથી બાળકોને ધાર્મિક સંસ્કાર-સિંચન સાથે સાથે પૂ. ગુરુદેવશ્રી તથા પૂ. બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીના જિનાયતનોમાં બિરાજમાન જિનેન્દ્ર ભગવંતોના દર્શન-પૂજન-ભક્તિનો, પૂ. ગુરુદેવશ્રીના કલ્યાણકારી સીડી પ્રવચનોનો પણ લાભ મળશે. આ શિબિર ૧૦ થી ૧૮ વર્ષના બાળકો માટે રાખવામાં આવી છે.

આ શિબિર દરમ્યાન તીર્થયાત્રાનો વિશેષ કાર્યક્રમ પણ રાખવામાં આવશે.

આ શિબિર શ્રીમતી શકુંતલાબેન પવનકુમાર જૈન, શ્રીમતી હાસ્યલતાબેન બિપીનભાઈ શાહ તથા શ્રીંમતી મીનાબેન અકલંકભાઈ કોઠારીના સૌજન્યથી કરવામાં આવી છે.

લિ.

**શ્રી કહાન પુષ્પ પરિવાર વતી**

શ્રી હસમુખભાઈ પી. વોરા શ્રી જિતુભાઈ વી શાહ

ના જય જિનેન્દ્ર

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● શ્રોતા : આત્મજ્ઞાન થવાથી એ વ્રતાદિ રાગ છે એમ ભાસે છે પણ પહેલા તો જલ્દી આત્મજ્ઞાન થતું નથી ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી : જલ્દીનો અર્થ—એનો અભ્યાસ કરવો જોઈએ. રાગ શું છે ? આત્મા શું છે ? હું કાયમી ટકનાર ચીજ કેવી છું ? વિગેરે અભ્યાસ કરી જ્ઞાન કરી રાગથી ભિન્ન આત્માનો અનુભવ કરવો એ પહેલી વસ્તુ છે. આત્માને જાણ્યા વિનાના એના ક્રિયાકાંડ બધા રણમાં પોક મૂકવા સમાન છે. આત્મા અંદર આનંદસ્વરૂપ ભગવાન ચૈતન્યતેજનો પુંજ પ્રભુ છે. તેનું જ્ઞાન ન હોય. અંદર દશાનું વેદન ન હોય ત્યાં સુધી એના ક્રિયાકાંડ બધાં જુઠા છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું દુર્લભ છે. પહેલાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન હોવો જોઈએ. ૨૬૨.

● પ્રશ્ન :—આત્મા પરમાં તો કાંઈ ફેરફાર ન કરી શકે એ તો ઠીક, પણ પોતાની પર્યાયોમાં ફેરફાર કરવામાં પણ તેનો કાબુ નહિ ?

ઉત્તર :—અરે ભાઈ ! જ્યાં દ્રવ્યને નક્કી કર્યું ત્યાં વર્તમાન પર્યાય પોતે દ્રવ્યમાં વળી જ ગઈ, પછી તારે કોને ફેરવવું છે ? મારી પર્યાય દ્રવ્યમાં અંતર્મુખ થઈ ગઈ, તે પર્યાય હવે ક્રમેક્રમે નિર્મળ જ થયા કરે છે અને શાંતિ વધતી જાય છે. આ રીતે પર્યાય પોતે જ્યાં દ્રવ્યમાં અંતર્મગ્ન થઈ ગઈ ત્યાં તેને ફેરવવાનું ક્યાં કહ્યું ? તે પર્યાય પોતે દ્રવ્યના કાબુમાં આવી જ ગયેલી છે. પર્યાય આવશે ક્યાંથી ?—દ્રવ્યમાંથી, માટે જ્યાં આખા દ્રવ્યને કાબુમાં લઈ લીધું (—શ્રદ્ધા-જ્ઞાનમાં સ્વીકારી લીધું) ત્યાં પર્યાયો કાબુમાં આવી જ ગઈ એટલે કે દ્રવ્યના આશ્રયે પર્યાયો સમ્યક્‌નિર્મળ થવા જ માંડી. જ્યાં સ્વભાવ નક્કી કર્યો ત્યાં જ મિથ્યાજ્ઞાન ટળીને સમ્યક્‌જ્ઞાન થયું, મિથ્યાશ્રદ્ધા પલટીને સમ્યગ્દર્શન થયું.—એ પ્રમાણે નિર્મળ પર્યાય થવા માંડી તે પણ વસ્તુનો ધર્મ છે. વસ્તુનો સ્વભાવ ફર્યો નથી. ને પર્યાયોના ક્રમની ધારા તૂટી નથી. દ્રવ્યના આવા....આવા સ્વભાવનો સ્વીકાર કરતાં પર્યાયની નિર્મળ ધારા શરૂ થઈ ગઈ ને જ્ઞાનાદિનો અનંતો પુરુષાર્થ તેમાં ભેગો જ આવી ગયો.

સ્વ કે પર કોઈ દ્રવ્યને, કોઈ ગુણને કે કોઈ પર્યાયને ફેરવવાની બુદ્ધિ જ્યાં ન રહી ત્યાં જ્ઞાન જ્ઞાનમાં જ ઠરી ગયું એટલે એકલો વીતરાગી જ્ઞાતાભાવ જ રહી ગયો, તેને અલ્પકાળમાં મુક્તિ થાય જ. બસ ! જ્ઞાનમાં જ્ઞાતાદૃષ્ટાપણું રહેવું તે જ સ્વરૂપ છે, તે જ બધાનો સાર છે. અંતરની આ વાત જેને ખ્યાલમાં ન આવે તેને ક્યાંક પરમાં કે પર્યાયમાં ફેરફાર કરવાનું મન થાય છે. જ્ઞાતાભાવને ચૂકીને પણ ફેરફાર કરવાની બુદ્ધિ તે મિથ્યાબુદ્ધિ છે. ૨૬૩.

આત્મધર્મ
નવેમ્બર-૨૦૧૭
અંક-૩ ● વર્ષ-૧૨

Posted at Songadh PO
Publish on 1-11-2017
Posted on 1-11-2017

Registered Regn. No. BVR-367/2015-2017
Renewed upto 31-12-2017
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org